# ગુજરાતી ભાષાનો ઈતિહાસ અને પરિચય
## સેમેસ્ટર–૫, કોર્ષ – ૧૨

### :: વિભાગ – ૧ :: (૫૦)

(૧) ભાષા વિશે સામાન્ય પરિચય
(૨) માનવ સમાજમાં ભાષાનું સ્થાન, ભાષાના વિવિધ ઉપયોગ
(૩) ભાષાની વ્યાખ્યા ધ્વનિતંત્ર, રૂપતંત્ર, વાકયતંત્ર અને શબ્દભંડોળ.
(૪) ભાષા અને બોલી વચ્ચેનો ભેદ, ગુજરાતી બોલીની લાક્ષણિકતા.
(૫) માન્ય ગુજરાતીનાં ધ્વનિ ઘટકો.
(૬) સ્વર, સ્પર્શ વ્યંજન, સંઘર્ષિ, પાર્શ્વિક, પ્રકંપી, અનુનાસિક, અર્ધસ્વર વગેરે.
(૭) દ્વિરૂકિત અને રવાનુકારી શબ્દો.

### :: વિભાગ – ૨ :: (૨૦)

(૧) ગુજરાતી ભાષાનો વિકાસ : ભારત યુરોપીય ભાષાકૂળથી ભારતીય આર્યભાષાના ત્રણ તબક્કા.
(૨) ગુજરાતી ભાષાનો વિકાસક્રમ : ત્રણ ભૂમિકા.

### [ M.C.Q. ]

(૧) ભાષા પરિચય પુસ્તકના લેખક કોણ છે. ➜ જયંત કોઠારી
(૨) ભાષા પરિચય અને ગુજરાતી ભાષાનું સ્વરૂપ પુસ્તક કઈ સંસ્થાએ પ્રગટ કર્યું છે. ➜ યુનિ. ગ્રંથ નિર્માણ
(૩) ભાષાવિજ્ઞાન એટલે શાનું વિજ્ઞાન ? ➜ ભાષાનું
(૪) કોઈપણ વિચાર કોઈપણ વ્યકિતને સૌ પ્રથમ કઈ ભાષામાં પ્રગટે છે. ➜ માતૃભાષા
(૫) ગુજરાતની માતૃભાષા કઈ છે ? ➜ ગુજરાતી
(૬) ગુજરાતી ભાષામાં મુખ્ય કેટલી બોલીઓ છે. ➜ ચાર
(૭) સૌરાષ્ટ્રમાં કઈ બોલી બોલાય છે. ➜ સૌરાષ્ટ્રી / કાઠીયાવાડી
(૮) દક્ષિણ ગુજરાતમાં કઈ બોલી બોલાય છે ? ➜ સુરતી
(૯) ઉત્તર ગુજરાતમાં બોલાતી બોલીનું નામ શું છે ?➜ પટ્ટણી
(૧૦) ચરોતરી બોલી કયા પ્રદેશમાં બોલાય છે ? ➜ ચરોતર
(૧૧) પાટણ ઉપરથી કઈ બોલીનું નામ છે ? ➜ પટ્ટણી
(૧૨) સોરઠ પ્રદેશમાં કઈ બોલી છે ? ➜ સોરઠી
(૧૩) ભાષાનું મૂળરૂપ કેવું હોય છે ? ➜ અમૂર્ત
(૧૪) ભાષા કોની નીપજ છે ? ➜ સમાજની
(૧૫) શિક્ષણનું માધ્યમ મુખ્યત્વે શાનું બનેલું છે ? ➜ ભાષા
(૧૬) 'સ્ટર્ટિવન્ટ' નામનો વૈજ્ઞાનિક કઈ બાબત સાથે સંકળાયેલો છે ?
➜ ભાષાવિજ્ઞાન
(૧૭) ભાષા મુખ્યત્વે શાની બનેલી છે ? ➜ સંકેત
(૧૮) ભાષા કઈ બાબતનું માધ્યમ છે ? ➜ આત્મઅભિવ્યકિત
(૧૯) ગુજરાતી ભાષા કઈ ભાષામાંથી આવી ?
➜ સંસ્કૃત
(૨૦) પ્રાચીન ગુજરાતી ભાષાને ઉમાશંકર જોષી કયા નામથી ઓળખાવે છે ? ➜ મારુ–ગુર્જર
(૨૧) ભાષામાં યાદચ્છિક એટલે શું ? ➜ ઈચ્છા મુજબના અર્થો
(૨૨) ગુજરાતી ભાષાની પ્રથમ ભૂમિકાને તેસ્સિતોરી કયા નામે ઓળખાવે છે ? ➜ પ્રાચીન પશ્ચિમી રાજસ્થાની
(૨૩) ભાષામાં ધ્વનિ એટલે શું ? ➜ ભાષાની ઉચ્ચારણ પ્રક્રિયા
(૨૪) ધ્વનિ ઘટકોને અંગ્રેજીમાં શું કહેવાય છે ? ➜ Phonems
(૨૫) ભાષાના મૂળ શબ્દોને શું કહેવાય છે ? ➜ રૂપ
(૨૬) ધ્વનિતંત્રને અંગ્રેજીમાં શું કહેવાય છે ? ➜ Phonology
(૨૭) બોલચાલની ભાષા અને માન્યભાષા વચ્ચે શાનો ભેદ હોય છે ?
➜ ઉચ્ચાર
(૨૮) સ્થાનિક બોલી એટલે શું ?
➜ નીચલામાં નીચલા વર્ગનો વાણી વ્યવહાર
(૨૯) ક, ખ, ગ, ઘ કયા પ્રકારના ધ્વનિ ઘટકો છે ? ➜ સ્પર્શી
(૩૦) સુરતી બોલીને કયો પ્રદેશ અથવા કઈ ભાષા સ્પર્શે કરે છે.
➜ મહારાષ્ટ્રની મરાઠી
(૩૧) પટ્ટણીબોલીને કયો પ્રદેશ અને કઈ ભાષા સ્પર્શ કરે છે.
➜ રાજસ્થાન અને મધ્યપ્રદેશ અને હિન્દી ભાષા
(૩૨) સ્પર્શી સંઘર્ષી ધ્વનિ ઘટકો કયા કયા છે ? ➜ ચ, છ, જ, ઝ
(૩૩) સંઘર્ષી ધ્વનિ ઘટકો કયા કયા છે ? ➜ શ, ષ, સ
(૩૪) પાશ્વિક ધ્વનિ ઘટક કયો છે ? ➜ લ
(૩૫) નાસિકય ધ્વનિ ઘટકો કયા કયા છે ? ➜ ઙ, ઞ, ણ, ન, મ
(૩૬) કંઠય નાસિકય વ્યંજન કયો છે ? ➜ ઙ
(૩૭) તાલવ્ય નાસિકય વ્યંજન કયો છે ? ➜ઞ
(૩૮) મૂર્ધન્ય નાસિકય વ્યંજન કયો છે ? ➜ ણ
(૩૯) દંત્ય નાસિકય વ્યંજન કયો છે ? ➜ ન
(૪૦) ઔષ્ઠવ નાસિકય વ્યંજન કયો છે ? ➜ મ
(૪૧) ગુજરાતી અર્ધસ્વરો કેટલા છે ? ➜ ય, વ
(૪૨) કોઈપણ શબ્દમાં એક વર્ણ બે વખત આવે તેને કેવો શબ્દ કહેવાય ? ➜ દ્વિરુકિત / દ્વિરુકત
(૪૩) દ્વિરુકિત શબ્દો જેવા શબ્દોનું બીજું નામ શું છે ?
➜ રવાનુકારી શબ્દો
(૪૪) વાહવાહં શબ્દ કેવો શબ્દ કહી શકાય ?➜ રવાનુંકારી

(૪૫) ટનટન શબ્દ કેવો શબ્દ કહી શકાય ? ➜ રવાનુંકારી

(૪૬) ગુજરાતી ભાષાનું કયુ ભાષાકુળ ગણવામાં આવે છે ?

➜ ભારત યુરોપીય ભાષાકુળ / ઈન્ડો. યુરોપીઅન

(૪૭) ભારત યુરોપીયન સૌથી પ્રાચીન શાખા કઈ ગણાય છે.

➜ હિટાઈટ શાખા

(૪૮) ભારતની લગભગ ભાષાઓ ભારત યુરોપીયની કઈ શાખામાંથી આવેલી છે ?

➜ ભારત – ઈરાનિઅન / ઈન્ડો – ઈરાનિઅન

(૪૯) સંસ્કૃતભાષા માંથી કઈ ભાષા ઉદ્ભવી છે ? ➜ પ્રાકૃત

(૫૦) પ્રાકૃતભાષામાંથી કઈ ભાષા નિપજી આવી કહી શકાય.

➜ જૂની ગુજરાતી

(૫૧) ભારતીય આર્યની કેટલી ભૂમિકા આવે છે ?

➜ ત્રણ

(૫૨) પ્રાચીન ભારતીય આર્ય ભૂમિકાનો સમયગાળો જણાવો.

➜ ઈ.સ. પૂર્વે ૧૫૦૦ થી ઈ.સ. પૂર્વે ૫૦૦

(૫૩) ભારતીય આર્ય ભૂમિકાનો સમય જણાવો.

➜ ઈ.સ. પૂર્વે ૫૦૦ થી ઈ.સ. પૂર્વે ૧૦૦૦

(૫૪) અર્વાચીન ભારતીય આર્ય ભૂમિકાનો સમયગાળો.

➜ ઈ.સ. ૧૦૦૦ થી વર્તમાન સમયસુધી

(૫૫) ગુજરાતીના ઉદ્ભવ અને વિકાસના કેટલા તબક્કા છે ?

➜ ત્રણ

(૫૬) ગુજરાતીના ઉદ્ભવ, વિકાસના પ્રથમ તબક્કા કઈ ભાષા જોવા મળે છે ? ➜ પ્રાકૃત

(૫૭) ગુજરાતની પાડોશ ભાષાઓ કઈ કઈ છે ?

➜ મરાઠી અને હિન્દી

(૫૮) ગુજરાતીના શબ્દોમાં અન્ય કેટલી ભાષાના શબ્દો ઉમેરાયા છે ?

➜ મરાઠી, હિન્દી, બંગાળી અને અંગ્રેજી

(૫૯) ભાષા એ કેવી પદ્ધતિ છે ? ➜ બિનસાહજિક

(૬૦) ભાષાની મુખ્ય કામગીરી કઈ છે ? ➜ વિચારવિનિમય

(૬૧) 'ભાષા યાદચ્છિક વાચિક સંકેતોની એક વ્યવસ્થા છે' એવું કોણે કહ્યું છે ? ➜ સ્ટર્ટિવન્ટ

(૬૨) જે પોતે અર્થ નથી ધરાવતો પણ જેને અર્થભેદક રીતે પ્રયોજી શકાય તેને શું કહેવાય ? ➜ ધ્વનિઘટક

(૬૩) ભાષાના સંકેતો મુખ્યત્વે કેવા છે ? ➜ વાચ્ય–શ્રાવ્ય

(૬૪) ભાષા કેવા સંકેતોની વ્યવસ્થા છે ? ➜ યાદચ્છિક

(૬૫) ભાષા કયાં અસ્તિત્વમાં આવી ? ➜ સામાજિક જૂથમાં

(૬૬) ભાષામાં ધ્વનિના નાના ઘટકને શું કહે છે ?

➜ ધ્વનિઘટક

(૬૭) અર્થ ધરાવતા નાના એકમને શું કહે છે ?

➜ રૂપઘટક

(૬૮) ભાષા સંઘટનાની આકૃતિ કયા ભાષાશાસ્ત્રીએ આપી છે ?

➜ હોકિટ

(૬૯) ભાષાનું કયું ઘટકતત્ત્વ અસંઘટિત છે ? ➜ શબ્દકોશ

(૭૦) ધ્વનિઘટકોની શ્રેણી રચવા માટે ભાષામાં જે નિયમ છે તેને શું કહે છે ? ➜ ધ્વનિતંત્ર

(૭૧) ભાષામાં રૂપઘટકોના સ્તરે જોવા મળતી વ્યવસ્થાને શું કહે છે ? ➜ રૂપતંત્ર

(૭૨) ભાષામાં વાકયના સ્તરે જોવા મળતી વ્યવસ્થાને શું કહે છે ?

➜ વાકયતંત્ર

(૭૩) ભાષામાં કયા સ્તરે વ્યવસ્થા જોવા મળતી નથી.

➜ શબ્દભંડોળના સ્તરે

(૭૪) ભાષા અને બોલી વચ્ચે કયો ભેદ છે ?

➜ વ્યાવહારિક

(૭૫) કોઈ મોટા ભાષાસમાજમાં જે મહત્ત્વના પ્રાદેશિક–સામાજિક અસ્તિત્વ ધરાવતા હોય તેનું – 'સાહિત્યિક માન્યભાષા', 'બોલચાલની માન્યભાષા', 'પ્રાંતીય માન્યભાષા', 'ઉપશિષ્ટ ભાષા' અને 'સ્થાનિક બોલી' એવું વર્ગીકરણ કોણે કર્યું છે ?

➜ બ્લૂમફીલ્ડ

(૭૬) સ્ત્રીલિંગમાં વિશેષણ અને કૃદંતમૂલક ક્રિયાપદોને બ.વ. નો 'ઓ' પ્રત્યય લગાવવાનું વલણ ગુજરાતની કઈ કઈ બોલીમાં જોવા મળે છે ? ➜ પટ્ટણી અને ચરોતરી બોલી

(૭૭) ગુજરાતની કઈ બોલીમાં બહુવચનનો 'ઉ' પ્રત્યય લગાડવાનું વલણ જોવા મળે છે ? ➜ સૌરાષ્ટ્રી

(૭૮) પ્રાદેશિકતા પ્રમાણે મળતા ભાષાભેદને શું કહે છે ?

➜ બોલી

(૭૯) કોલેજના વિદ્યાર્થિઓ મજાકમશ્કરી માટે પ્રયોજતા ભાષાભેદને ભાષાશાસ્ત્રમાં શું કહે છે ?

➜ સ્લેંગ

(૮૦) તાલવ્યના પરિસરમાં કંઠયનું તાલુકરણ કઈ બોલીનું લક્ષણ છે ? ➜ પટ્ટણી

(૮૧) તાણે, હેંડ, વાખ, સઈરાખ, વાયરો કઈ બોલીના શબ્દો છે ?

➜ પટ્ટણી

(૮૨) ગમ, અગાડી, બૂહલું, જેમણા, ધાગડી કઈ બોલીના શબ્દો છે ? ➜ ચરોતરી

(૮૩) વ્યંજનને બેવડાવવાનું વલણ કઈ બોલીમાં છે ? ➜ સુરતી

(૮૪) 'હ' શ્રુતિનો અભાવ અને માન્ય ગુજરાતીના 'હ' નો લોપ કઈ બોલીનું લક્ષણ છે ? ➜ સુરતી

(૮૫) હવાકો, પોયરો, બી, તીવારે કઈ બોલીના શબ્દો છે ?
➜ સુરતી

(૮૬) જે ધ્વનિઓ અમુક સંયોગોમાં શ્રાવ્યતાની પરાકાષ્ઠાનું વહન કરતા હોય અને અમુક સંયોગોમાં શ્રાવ્યતાની પરાકાષ્ઠાનું વહન ન પણ કરતા હોય, એવા ધ્વનિઓને કેવા ધ્વનિઘટક તરીકે ઓળખવવામાં આવે છે ? ➜ અર્ધસ્વર

(૮૭) નીચેના માંથી કયા ધ્વનિઘટકો અનુનાસિકો છે ?
➜ ઙ, ઞ, ણ, ન, મ

(૮૮) નીચેનામાંથી કયા ધ્વનિઓ અલ્પપ્રાણ છે ?
➜ ક, ગ, ચ, જ

(૮૯) નીચેનામાંથી કયા ધ્વનિઓ મહાપ્રાણ છે ? ➜ ખ, ઘ

(૯૦) નીચેનામાંથી કયા ધ્વનિઓ અઘોષ છે ? ➜ ક, ખ

(૯૧) નીચેનામાંથી કયા ધ્વનિઓ ઘોષ છે ? ➜ ગ, ઘ

(૯૨) ધ્વનિનિર્માણ કરનારા અંગો અને ધ્વનિનિર્માણની સમગ્ર પ્રક્રિયાનો અભ્યાસ કરતા વિજ્ઞાનને કયા નામે ઓળખવામાં આવે છે ? ➜ ધ્વનિવિજ્ઞાન

(૯૨) નાદતંત્રી કંપન અનુભવે ત્યારે કયા ધ્વનિઓ મળે છે ?
➜ ઘોષ

(૯૩) ઉચ્ચરણ સમયે નાસિકાવિવરમાંથી હવા પસાર થાય ત્યારે કયા ધ્વનિઓ નિર્માણ પામે છે ? ➜ અનુનાસિક

(૯૪) ઉચ્ચારણ સમયે જીભનું ટેરવું કંપ અનુભવે ત્યારે નિર્માતા ધ્વનિને કયા ધ્વનિ તરીકે ઓળખવામાં આવે છે ?
➜ પ્રકંપી

(૯૫) માન્યગુજરાતી ભાષામાં સાદા સ્વરો કેટલા છે ? ➜ આઠ

(૯૬) નીચેનામાંથી મધ્ય સ્થાનીય સ્વરો કયા છે ? ➜ અ–આ

(૯૭) નીચેનામાંથી ગુજરાતી ભાષામાં અર્ધસ્વર કોને ગણવામાં આવે છે ? ➜ ય–વ

(૯૮) સાનુનાસિક સ્વરોની શ્રેણીમાં કયા સ્વરો ન આવે ?
➜ એ–ઓ

(૯૯) નીચેનામાંથી કયા ધ્વનિઓ તાલુસ્થાનીય છે ?
➜ ચ–છ–જ–ઝ

(૧૦૦) નીચેનામાંથી કયા ધ્વનિઓ કંઠય છે ?
➜ ક–ખ–ગ–ઘ

(૧૦૧) ભાલણ ગુજરાતી ભાષાને કયા નામથી ઓળખાવે છે ?
➜ ગુર્જર ભાષા

(૧૦૨) 'ગુજરાતી ભાષા' એવો શબ્દપ્રયોગ પ્રેમાનંદ તેના કયા આખ્યાનમાં કરે છે ? ➜ દશમસ્કંધ

(૧૦૩) નીચેમાંથી કયા ધ્વનિને તંત્રીવિવરોત્થ ધ્વનિ તરીકે ઓળખવામાં આવે છે ? ➜ હ

(૧૦૪) ગુજરાતી ભાષા કઈ પ્રાકૃતમાંથી ઉદભવી છે ?
➜ શૌરશેની

(૧૦૫) ધ્વનિ–એકમ કે અર્થ–એકમ એના એ સ્વરૂપે કે થોડા ફેરફાર સાથે બેવડાતો હોય તો તેને શું કહે છે ? ➜ દ્વિરુકતશબ્દ

(૧૦૬) નીચેનામાંથી વિશેષણની દ્વિરુકિત કઈ છે ? ➜ ગરમાગરમ

(૧૦૭) નીચેમાંથી અર્થએકમની દ્વિરુકિત કઈ છે ? ➜ પૈસોટકો

(૧૦૮) દ્વિરુકિત કયા સમાસનું ઉદાહરણ બની રહે છે ? ➜ દ્વન્દ્વ

(૧૦૯) 'ઠેરઠેર' 'માંડમાંડ' જેવા દ્વિરુકત શબ્દોમાં કયા એકમનું પુનરાવર્તન થયું છે ? ➜ ધ્વનિએકમ

(૧૧૦) 'ધન–દોલત' 'ખુનામરકી' જેવા દ્વિરુકત શબ્દોમાં કયા એકમનું પુનરાવર્તન થયું છે ?
➜ અર્થએકમ

(૧૧૧) 'ટપટપ' રવાનુકારી શબ્દમાં શેનું અનુકરણ થયું છે ?
➜ અવાજ

(૧૧૨) 'દોડંદોડ'માં કયા પ્રકારની દ્વિરુકિત છે ?
➜ સંયોજક 'અં' વાળી સંપૂર્ણ દ્વિરુકિત

(૧૧૩) પ્રથમ સ્વર–વ્યંજન ભેદવાળી પ્રતિધ્વનિરૂપ દ્વિરુકિતનું દષ્ટાંત કયું છે ? ➜ ઘાલમેલ

(૧૧૪) ભાષાના સ્વરૂપને ધ્યાનમાં રાખી થતા વર્ગીકરણને કેવું વર્ગીકરણ કહેવાય ? ➜ સ્વરૂપલક્ષી વર્ગીકરણ

(૧૧૫) જન્ય–જનકસંબંધે કે ઐતિહાસિક વિકાસની દષ્ટિએ સંકળાયેલી ભાષાના વર્ગીકરણને કેવું વર્ગીકરણ કહે છે ?
➜ પારિવારીક વર્ગીકરણ

(૧૧૬) ભાષાકૂળનો અભ્યાસ કરનાર પ્રથમ ભાષાવૈજ્ઞાનિક કોણ હતો ? ➜ વિલિયમ જોન્સ

(૧૧૭) ભારત અને યુરોપમાં ફેલાયેલું ભાષાકૂળ કયું છે ?
➜ ભારોપીય ભાષાકૂળ

(૧૧૮) આદિમ ભારત–યુરોપીય પ્રજાનું પ્રથમ જૂથ કયાં સ્થિર થયું ?
➜ એશિયા–માઈનર

(૧૧૯) સંસ્કૃત ભાષાના સંયુકત વ્યંજનો એકવડા બનવાની પ્રક્રિયા કઈ ભાષામાં થઈ ? ➜ અપભ્રંશ

(૧૨૦) 'કેન્તુમ' અને 'શતમ' જૂથમાં ભાષાના કયા જુથને વહેંચવામાં આવે છે ? ➜ ભારત–યુરોપીય

(૧૨૧) ભારતીય આર્યભાષાનો જુનામાં જુનો નમૂનો કયા ગ્રંથમાં મળે છે ? ➜ ઋગ્વેદ

(૧૨૨) ઈરાની ભાષાનો પ્રાચીન ગ્રંથ કયો છે ? ➜ અવેસ્તા

(૧૨૩) પ્રાચીન ભારતીય–આર્યભાષા ભૂમિકાનો સમયગાળો કયાંથી કયા સુધીનો ગણવામાં આવે છે ?

➜ ઈ.સ. પૂ. ૧૫૦૦ થી ઈ.સ.પૂ. ૫૦૦

(૧૨૪) મધ્ય ભારતીય–આર્યભાષા ભૂમિકાનો સમયગાળો કયો માનવામાં આવે છે ?

➜ ઈ.સ.પૂ. ૫૦૦ થી ઈ.સ. ૧૦૦૦

(૧૨૫) અર્વાચીન ભારતીય–આર્યભાષા ભૂમિકાનો સમયગાળો કયો માનવામાં આવે છે ? ➜ ઈ.સ. ૧૦૦૦ થી આજ સુધીનો

(૧૨૬) કર્મ–કમ્મ–કામ એ પરિવર્તન કયા પ્રકારનું પરિવર્તન છે ?

➜ ધ્વનિપરિવર્તન

(૧૨૭) ભાષાનું સૌથી પરિવર્તનશીલ અંગ કયું છે ?

➜ શબ્દઘટક

(૧૨૭) નીચેનામાંથી કઈ ભાષાભૂમિકામાં ગુજરાતી ભાષા આવે છે ? ➜ અર્વાચીન ભારતીય આર્ય

(૧૨૯) સંસ્કૃત ભાષામાંથી પરિવર્તન પામી કઈ ભાષા ઉદ્‌ભવી ?

➜ પ્રાકૃત

(૧૩૦) પ્રશિષ્ટ સંસ્કૃત ભાષાનો સમયગાળો કયો માનવામાં આવે છે ? ➜ ઈ.પૂ. ૮૦૦ થી ઈ.પૂ. ૪૦૦

(૧૩૧) પૂર્વકાલીન પ્રાકૃતભાષાના નમૂનાઓ કયા ગ્રંથમાંથી મળે છે ?

➜ ત્રિપિટક

**પ્ર–૧ ભાષા એટલે શું ? સમજાવી ભાષાનાં કાર્યો વિગતે ચર્ચા કરો.**

✦ **પ્રસ્તાવના :** ભાષાએ માનવ સમાજની નિપજ છે. કોઈ પણ માનવ સમાજ કયારેય ભાષા વગરનો હોઈ શકે નહી. ભાષા દ્વારા જ માનવ સમાજનો સર્વાંગી વિકાસ થાય છે. કોઈ પણ માનવ કોઈપણ સમાજમાં જન્મ પામીને તે સમાજની ભાષાને શિખે છે. અહીં માતૃભાષા મહત્ત્વની બને છે. ગુજરાતી પરિવારમાં જન્મેલું બાળક જેમ ગુજરાતીવાણી અને ભાષા શીખે એમ જ મરાઠી, હિન્દી, બંગાળી, અંગ્રેજી કે જાપાની જ ભાષાનાં પરિવારમાં જન્મ લેતું બાળક જે તે ભાષા શિખે છે, બોલે છે, સાંભળે છે અને વાંચી શકે છે. આ ભાષાથી માનવ સામાજિક રીતે એક બીજા સાથે બંધાય છે. પરસ્પર સંબંધી બાંધે છે. માતાપિતા, સંતાનો, કુટુંબ, વ્યવસાય, ખેતીવાડી, પર્યાવરણ વગેરે માનવ જીવનને સ્પર્શતી તમામ બાબતોનો પરિચય ભાષા દ્વારા જ થાય છે. આ ભાષા છે એટલે જ સમાજ છે જો ભાષા ન હોય તો અત્યારે છે એવી સમાજ રચના પણ ન હોય આથી સ્પષ્ટ થાય છે કે તંદુરસ્ત માનવ સમાજ માટે, સમાજનાં વિકાસ માટે ભાષા હોવી જરૂરી છે.

✦ **ભાષા એટલે શું ? :** ભાષા વિજ્ઞાનનાં અર્થ પ્રમાણે ભાષાની ઘણી વ્યાખ્યાઓ છે. યુરોપના દેશોમાં ખાસ કરીને અમેરિકાં અને ફ્રાંસ તેમજ ભારતીય સંસ્કૃત સાહિત્યમાં પણ ભાષાનો વ્યવસ્થિત વિચાર કરવામાં આવેલ છે. અહિં સંસ્કૃત વિદ્વાનોમાં શંકરાચાર્ય, નાગાર્જુન, દંડી, ભતૃહરિ વગેરે વિદ્વાનોએ ભાષાની વ્યાખ્યા કરેલી છે. તો કેરલ, હોલ, સપિર, ગ્રે અને સ્ટટિર્વન્ટ જેવા પશ્ચિમી ભાષાવૈજ્ઞાનિકો એ પણ ભાષાની વ્યાખ્યા કરેલી છે. ગુજરાતી ભાષા વિજ્ઞાનમાં તપાસ કરતાં કાંતિલાલ વ્યાસ, હરિવલ્લભ ભાયાણી, પ્રબોધ પંડિત અને જયંત કોઠારી જેવા વિદ્વવાનો એ પણ ભાષા વિજ્ઞાનની વ્યાખ્યા કરેલી છે. અહિ માત્ર સમજવા માટે સ્ટર્ટિવન્ટે આપેલી ભાષાની વ્યાખ્યાને આધારે ભાષા એટલે શું ? તે સમજીએ.

✦ **સ્ટટિર્વન્ટનાં મતે ભાષા :** "ભાષા કે યાદચ્છિક વાચિક સંકેતોની બનેલી એક એવી વ્યવસ્થા છે કે જેના વડે એક સામાજિક જૂથનાં સભ્યો પરસ્પર સહકાર સાધે છે અને સંપર્કમાં આવે છે ?

આ વ્યાખ્યાનાં આધારે ભાષાનાં નીચેનાં મુદાઓ સ્પષ્ટ થાય છે.

(૧) ભાષા યાદચ્છિક છે એટલે કે ભાષાનાં શબ્દો ઈચ્છા મુજબનાં અર્થ ધરાવે છે.

(૨) ભાષા વાચિક છે. એટલે કે વાણી રૂપે બોલી શકાય છે.

(૩) ભાષા સંકેતોની બનેલી છે એટલે કે તેને લખી શકાય છે.

(૪) ભાષાની ચોક્કસ વ્યવસ્થા છે.

(૫) ભાષા સામાજિક જૂથ માટે છે.

(૬) ભાષા દ્વારા એકબીજા સંપર્કમાં આવી શકાય છે.

(૭) ભાષા દ્વારા સહકાર સાધી શકાય છે.

✦ **ભાષાના પ્રમુખ કાર્યો :** ભાષા માનવ સમાજમાં માનવ વિકાસ માટેનાં અસંખ્ય કાર્યો કરે છે. અહી ભાષા ડગલે ને પગલે માનવનાં જન્મથી મૃત્યું સુધી ઉપયોગી છે. જો ગણવા બેસીએ તો ભાષાનાં અસંખ્ય કાર્યો ગણી શકાય પણ અહી સામાન્ય નોંધ રૂપે ભાષાનાં પ્રમુખ કાર્યો આ મુજબ છે.

**(૧) ભાષા આત્મઅભિવ્યકિત માટે :**

ભાષાએ કોઈ પણ માનવની આત્મ અભિવ્યકિત છે. એટલે કે માનવ પોતાનાં હૃદયમાં કે ભાવજગતમાં આવતી તમામ સંવેદનાઓને ભાષા દ્વારા વ્યકત કરે છે. સુખ, દુઃખ, હર્ષ, ભય, વાત્સલ્ય વગેરે લાગણીઓને વ્યકત કરવા ભાષા પ્રમુખ કાર્ય કરે છે. રોજ બરોજની જરૂરીયાતો ખોરાક, શિક્ષણ, આરોગ્ય, વગેરે બાબતોને પણ ભાષા દ્વારા જ વ્યકત કરી શકાય છે. અહી આત્મઅભિવ્યકિત એટલે ભાષા દ્વારા જ પોતાની જાતને રજૂ કરવી તે બાળકથી માંડીને વૃધ્ધ પોતાનાં આત્માની અભિવ્યકિત ભાષા દ્વારા જ કરી શકતા હોવાથી આત્મઅભિવ્યકિત એ ભાષાનું પ્રમુખ કાર્ય ગણી શકાય.

**(૨) અમૂર્ત વિચારો વ્યકત કરવા માટે :**

ભાષાનાં અમૂર્ત વિચારો એટલે જે વિચાર માનવમનમાં હજું પડેલો છે તે. આ વિચારને અર્મૂત વિચાર કહેવાય છે. જેમકે કોઈ બાળ ક માતા પાસે પાણી કે ખોરાકની માંગણી કરે એ પહેલા એ બાળકનાં મનમાં જે વિચાર પ્રગટયો હોય તેને અમૂર્ત વિચાર કહેવાય છે. એટલે કે કવિની કલ્પનામાં આવેલા વિચારો સૌ પહેલા અમૂર્ત હોય અને જયારે એ વિચાર કવિતા બને ત્યારે તે વિચારો મૂર્ત બને છે. અહી કોઈપણ માનવ જયારે મનમાં ને મનમાં જે કોઈ વિચારે છે તે વિચારને રજૂ કરવા તે માનવ પાસે ભાષા મદદે ચડે છે. એટલે કે ભાષાની મદદથી માનવ અર્મૂતતાને મૂર્તતા આપે છે. અહી કલાકાર, વિદ્યાર્થી, શિક્ષક, વેપારી કે આ જગતનો કોઈપણ માણસ જયારે જયારે બોલે છે ત્યારે તે હાથ, પગ, માનવ શરીર કે ચહેરાંથી ઓછું બોલી શકે છે. આ સમયે ભાષા મહત્વનું કામ કરતી હોવાથી ભાષાનું આ કાર્ય પણ મહત્વનું ગણી શકાય.

**(૩) હૃદયસંવાદ માટે :**

કોઈપણ માનવ પોતાનાં હૃદયમાં પ્રગટ થતા ભાવને તે ભાષા દ્વારા અભિવ્યકત કરી શકે છે. કોઈ પણ માનવ પોતાનાં હૃદયની લાગણીઓને, સારી નરસી બાબતોને, કભી ખુશી કભી ગમને ભાષા દ્વારા જ વ્યકત કરી શકે છે. માનવ જીવનમાં બનતાં રોજેરોજનાં પ્રસંગો, માતાપિતા અને સંતાનોનાં સંબંધો, શિક્ષક અને વિદ્યાર્થીઓનાં સંવાદો આમ સમાજમાં બનતી તમામ ઘટનાઓને હૃદય સંવાદો દ્વારા જ અભિવ્યકત કરી શકાય છે. જે હૃદય સંવાદનું મુખ્ય માધ્યમ ભાષા છે. ચિત્રો, ઈશારા, રંગો, પદાર્થો, કે હાવભાવ વગેરેની ઘણી મર્યાદાઓ છે. એક નૃત્યકાર જયારે નૃત્ય કરે છે. ત્યારે તેની પાસે શરીરનાં હાવભાવ અને માત્ર સંગીત હોય છે. પણ એ નૃત્યકાર જયારે ભાષાની મદદથી ગીત ગાય છે. ત્યારે તેને રજુઆત પૂર્ણ થાય છે. પશુપંખી પણ પોતાના અવાજ દ્વારા એકબીજાનાં હૃદય સુધી પહોંચવાનો પ્રયત્ન કરે છે. અહી પશુપંખીથી માંડીને માનવજાત સુધી હૃદય સંવાદ સાધવા માટે ભાષા ઉપયોગી છે. આથી હૃદયસંવાદ એ પણ ભાષાનું પ્રમુખ કાર્ય ગણી શકાય.

**(૪) જ્ઞાન સંપાદન માટે :**

આ જગતમાં મનુષ્ય ભાષા વગરનો હોય તો તે પશુ સમાન હોય. એમ કહેવાયું છે કે જ્ઞાન વગરનો મનુષ્ય જગતમાં ઘાસ ચરતા હરણાં જેવો છે. અહી જ્ઞાન ભાષાથી જ મળે છે. આ જ્ઞાનનો કોઈ ભાગ પડાવી શકતું નથી. ચોર ચોરી શકતા નથી, રાજા બળજબરીથી લઈ શકતો નથી. તે જ્ઞાન મેળવવા માનવ સમાજે ભાષા પાસે જવું પડે છે. માતૃભાષા, વિજ્ઞાન, ધર્મ, ઈતિહાસ કે આ પ્રકૃતિના સિધ્ધાંતોને સમજવાં, પામવાં ભાષા જરૂરી છે. આપણે સંસ્કૃત કે શિક્ષિત એટલે છીએ કે આપણી પાસે ભાષા છે. આપણો સર્વાંગી વિકાસ, વિવેક, મર્યાદા આ બધું જ જે કાંઈ જ્ઞાન આપણે મળ્યું તેની પાછળ ભાષાની મોટી જવાબદારી છે. મનોવિજ્ઞાનમાં અન્ના અને બેલા એ બે બહેનોનો કિસ્સો જાણીતો છે કે જેની પાસે ભાષા નથી. આદિ માનવો કે જંગલમાં વસતી પ્રજા ભાષાથી જેમ દૂર હોય તેમ તેનો વિકાસ ઓછો હોય. અહી આ પ્રજાને ભાષા દ્વારા વધુને વધુ શિક્ષિત કરવામાં આવે તો તે પ્રજા જ્ઞાની બની શકે છે. એટલે કે જ્ઞાન મેળવવું એ પણ ભાષાનું પ્રમુખ કાર્ય ગણી શકાય.

**(૫) સાહિત્ય સર્જન માટે :**

ભાષાનું પ્રમુખ કાર્ય સાહિત્ય સર્જન માટે પણ છે. વિશ્વની લગભગ ભાષાઓનાં કવિ કે સાહિત્યકારો ભાષાનાં માધ્યમથી જ લખે છે. કવિતા, નાટક, નવલકથા, ટૂંકીવાર્તા કે પછી પૌરાણિક સાહિત્યમાં જોઈએ તો મહાકાવ્યો, પુરાણ, વેદ, ઉપનિષદ વગેરે બધું જ ભાષામાં લખાયેલું છે. આથી સ્પષ્ટ થાય છે કે કોઈપણ સાહિત્યકાર સાહિત્યનાં સર્જન માટે ભાષાનું શરણ સ્વીકારે છે. જેમાં લોકસાહિત્ય હોય એટલે કે ભવાઈ, દોહા, ભજન, લોકગીત, મરસીયા વગેરે પ્રકારનું તમામ સાહિત્ય હંમેશા ભાષા દ્વારા સર્જાય છે. કોઈપણ સર્જક ભારતની કોઈપણ ભાષામાં જેમ કે ગુજરાતી, હિન્દી, બંગાળી, તેલુગુ, કન્નડ, પંજાબી વગેરે ભાષાઓમાં જે સાહિત્ય સર્જાયુ છે. તેનું માધ્યમ ભાષા જ છે. આથી સાબિત થાય છે કે કોઈપણ સાહિત્યનાં સર્જન માટે ભાષા

હંમેશા પ્રમુખ કાર્ય કરે છે.

**(૬) સંદેશાવ્યવહાર માટે :**

ભાષાનાં પ્રમુખ કાર્યમાં સંદેશાવ્યવહાર પણ પ્રમુખ કાર્ય છે. કોઈ એક માનવે બીજા માનવ સુધી પોતાની વાત પહોંચાડવી હોય તો ભાષા પાસે જવું પડે છે. જેમ કે શિક્ષકે પોતાનાં વિદ્યાર્થીને કાંઈક સંદેશો આપવો હોય, મમ્મી પપ્પાને આપણે પરદેશમાં અને આપણી સાથે કોઈ વાત કરવી હોય, દર્દીને ડોકટર પાસે કોઈ દવા લખાવવી હોય કે બે યુવાન હૈયાને એક બીજા વચ્ચે પ્રેમ પત્રોની આપ–લે કરવી હોય. આ બધી બાબતમાં ભાષા જરૂરી છે.

સંદેશા વ્યવહારથી જ માનવ જગતનો વિકાસ થયો છે. અને આ વિકાસમાં એક થી વધુ ભાષાઓનો પણ આપણો ઉપયોગ કરીએ છીએ. એક બીજી ભાષાઓને જાણી, સમજી અને એ ભાષામાં આપણે સંદેશાવ્યવહારથી આપણી બુદ્ધિને વધુ વિકસીત કરી શકીએ છીએ. આમ અહીં નિશાની દ્વારા, હાવભાવ દ્વારા, ચિત્રો કે રંગ દ્વારા જે સંદેશાઓ આપણે મોકલીએ છીએ તેનાં કરતાં ભાષા વધુ કાર્ય કરે છે અને જે ખુબ જ ઉપયોગી છે.

**(૭) શિક્ષણનાં માધ્યમ તરીકે :**

વર્તમાન જગતનાં તમામ લોકો જે શિક્ષણ મેળવે છે. તે શિક્ષણનું માધ્યમ હંમેશા ભાષા રહ્યું છે. જેમ કે આપણી માતૃભાષા ગુજરાતી છે. એટલે આપણે સૌ ગુજરાતીમાં શિક્ષણ મેળવીએ છીએ. આ શિક્ષણ હિન્દી, અંગ્રેજી કે કોઈપણ ભાષામાં મળતું હોય છે. અહીં માત્ર ભાષા જ નહિ પણ વિજ્ઞાન, ઈતિહાસ, ભૂગોળ, મેડિકલ સાયન્સ, ટેકનોલોજી, ઈજનેરીવિદ્યા કે અન્ય કોઈપણ જ્ઞાન મેળવવા માટે આપણે જે શિક્ષણ લઈએ છીએ તેનું પ્રમુખ માધ્યમ ભાષા જ રહેવાનું. પ્રાઈમરીથી માંડીને ઉચ્ચશિક્ષણ સુધી કોઈપણ વ્યકિતને અભ્યાસ કરવો હોય તો ભાષા દ્વારા જ અભ્યાસ થઈ શકે છે. આથી કહી શકાય કે ભાષાનાં પ્રમુખ કાર્યમાં શિક્ષણ મહત્વનું કાર્ય છે.

**(૮) લોકવ્યવહાર માટે :**

ભાષા લોકોની, લોકો માટે અને લોકો દ્વારા બનેલી છે. આ ભાષાનો ઉપયોગ આપણે સંદેશાવ્યવહાર કે લોકવ્યવહાર માટે કરી શકીએ છીએ. અહીં લોકવ્યવહાર એટલે લોકો દ્વારા ભાષામાં વાતચીત કરવી. ગુજરાતી સમાજ ગુજરાતીમાં, હિન્દી કે બંગાળી સમાજ હિન્દી કે બંગાળી ભાષામાં વાતચીત કરી લોકવ્યવહાર જાળવશે. આમ કરવાથી લોકોનો પણ સામાજિક વિકાસ થશે. લોકો એકબીજાને જાણી સમજી શકશે અને પરસ્પર સહકાર સાધશે અને સંપર્કમાં આવશે. આમ લોકવ્યવહાર પણ ભાષાનું પ્રમુખ માધ્યમ કે કાર્ય કહી શકાય.

✦ **ઉપસંહાર :** અહીં ભાષા એટલે શું ? એ ચર્ચા કરીને આપણે માનવ સમાજમાં ભાષા દ્વારા કયા કયા મહત્ત્વનાં કાર્ય થાય છે તેની ચર્ચા કરી. આ ભાષા ગુજરાતી હોય, પંજાબી કે કન્નડ હોય, અંગ્રેજી, જર્મન કે ફ્રેન્ચ હોય અંતે તો દરેક ભાષાનું કામ માનવ સમાજનો વિકાસ સાધવાનું છે. આત્મ અભિવ્યકિત, હૃદયસંવાદ, જ્ઞાનપ્રાપ્તિ, શિક્ષણ, સાહિત્યસર્જન અને લોકવ્યવહાર આપી પણ ડગલેને પગલે ભાષા આપણને કામ આપે છે. જો ભાષાને ઘડીભર પણ આપણે ગુમાવી બેસીએ કે એવી કલ્પનાં કરીએ કે આ આખાયે જગતમાંથી ભાષા અચાનક ગૂમ થઈ જાય તો શું થાય ? આપણો વિકાસ અટકી જાય આપણે શૂન્ય થઈ જઈએ. આથી કહી શકાય કે ભાષા આપણા જીવનમાં જીવવાનું અને જીવાડવાનું કામ કરે છે.

**પ્ર–૨ ભાષાની વિવિધ વ્યાખ્યાઓ આપી કોઈપણ એક વ્યાખ્યા સમજાવી રૂપતંત્ર અને ધ્વનિતંત્ર અને શબ્દભંડોળ વિષયક લાક્ષણિકતાઓ સમજાવો.**

✦ **પ્રસ્તાવના :** ભાષાએ પ્રાથમિક દષ્ટિએ વિજ્ઞાન છે. ભાષા વિજ્ઞાન હોવાથી તેની ચોક્કસ વ્યાખ્યાઓ પણ હોય છે. આ વ્યાખ્યાઓ દરેક વૈજ્ઞાનિકે પોતાના સંશોધનનાં આધારે આપેલી હોય છે. જેમાં કાળક્રમે સુધારા વધારા થતા હોય છે. અહીં વ્યાખ્યાની જયારે વાત કરીએ છીએ ત્યારે પશ્ચિમી જગતમાં યુરોપ અને અમેરિકાનાં દેશોમાં ભાષાનાં વૈજ્ઞાનિકોએ ભાષાની વ્યાખ્યા આપી છે. ભારતીય વિદ્વાનો ભારતીય ઋષિઓ કે સંસ્કૃતનાં વિદ્વાનો જેમનું પાણિનિ, શંકરાચાર્ય, જગન્નાથ, વગેરેએ પણ મીમાંસા કે પણ ભાષાની વ્યાખ્યા આપવા પ્રયત્ન કર્યો છે. અહીં આપણે આ અભ્યાસમાં યુરોપ અને અમેરિકાનાં આધુનિક ભાષા વૈજ્ઞાનિકોએ જે ભાષાની વ્યાખ્યા આપી છે. તેને સમજવાનો પ્રયત્ન કરીશું.

✦ **સપિરનાં મતે ભાષાની વ્યાખ્યા :** ઈ.સ. ૧૯૨૧માં આ મુજબ ભાષામાં વ્યાખ્યા આપે છે.

***"ભાષા એટલે સ્વૈચ્છિક રીતે ઉપજાવેલ સંકેતો દ્વારા વિચારો, લાગણીઓ અને એષણાઓનું સંક્રમણ કરવાની કેવળ માનવીય અને બિનસાહજિક પધ્ધતિ."***

✦ **લુઈસ એચ. ગ્રે.**

***"ભાષા, વાણી અને શ્રવણ વડે માનવ વ્યકિતઓ થકી અને તેમનાં પ્રત્યે થતી અભિવ્યકિત અને સંક્રમણની પ્રક્રિયા છે. જેમાં બોલાતાં કે સંભળાતાં ધ્વનિઓનું માનવજાતિનાં ઈતિહાસમાં કોઈપણ એક સમયે અમુક સમુદાય કે સમુદાયોમાં સર્વ સામાન્ય વપરાશથી નિપજાવાયેલું, રૂઢ થયેલ અને સ્વિકૃતિ પામેલ વ્યવસ્થાઓ રૂપે એવું સંયોજન થાય છે કે એ ધ્વનિઓ એ સમુદાયનાં લગભગ બધા સરેરાશ સભ્યોને પરસ્પર અબોધન ક્ષમ બને છે."***

✦ **જહોન બી. કેરલ. ૧૯૫૩ :**

***"ભાષા યાદચ્છિક, વાચિક, ધ્વનિઓ અને ધ્વનિ શ્રેણીઓની એક સંઘટનાંયુક્ત વ્યવસ્થા છે જે માનવ વ્યકિતઓનાં કોઈ જૂથ દ્વારા અરસપરસનાં સંદેશા વ્યવહારમાં ઉપયોગમાં લેવાય છે કે લઈ શકાય છે."***

✦ **રોર્બાટ એ. હોલ ૧૯૬૪ :**

***"ભાષાઓ એટલે યાદચ્છિક સંકેત પધ્ધતિ દ્વારા સંદેશાવ્યવહાર કરવાના માનવો વડે ઉપયોગમાં લેવાતી વાચ્ય–શ્રાવ્ય આદતોની વ્યવસ્થાઓ.***

✦ **એડગર એચ. સ્ટર્ટિવન્ટ ૧૯૪૭ :**

***"ભાષા યાદચ્છિક વાચિક સંકેતોની બનેલી એક વ્યવસ્થા છે, જેના વડે કોઈ પણ એક સામાજિક જૂથનાં સભ્યો એકબીજાનો સહકાર સાધે છે. અને એકબીજાનાં સંપર્કમાં આવે છે ?***

આ તમામ વ્યાખ્યાઓ તપાસતા સ્પષ્ટ થાય છે કે આ વ્યાખ્યાઓમાં સ્ટર્ટિવન્ટ નામના ભાષા વૈજ્ઞાનિકની વ્યાખ્યા સૌથી વધુ વૈજ્ઞાનિક છે. એટલે કે તેમાં ભાષાનાં વૈજ્ઞાનિક સિધ્ધાંતો અને સામાજિક વ્યવહાર કે ઉપયોગની ચર્ચા પણ કરવામાં આવી છે. આ વ્યાખ્યામાંથી નીચે મુજબના મુદાઓ સ્પષ્ટ થાય છે.

(૧) ભાષા યાદચ્છિક છે.
(૨) ભાષા વાચિક છે.
(૩) ભાષા સંકેતોની બનેલી છે.
(૪) ભાષા સામાજિક જૂથ માટે છે.
(૫) ભાષા એક વ્યવસ્થા છે.
(૬) ભાષાથી પરસ્પર સહકાર સાધી શકાય છે.
(૭) ભાષાથી એકબીજાનાં સંપર્કમાં આવી શકાય છે.

અહીં સ્ટર્ટિવન્ટની આ વ્યાખ્યાઓને આધારે સ્પષ્ટ થાય છે કે કોઈપણ ભાષાએ યાદચ્છિક એટલે કે ઈચ્છા મુજબનાં રૂપોથી બનેલી હોય છે.

**દા.ત. :** કમળ – ગુલાબી કે આછા પીળા રંગનું ફુલ
ગાય – ચાર પગ, એક માથું અને પૂંછ ધરાવતું, દૂધ આપતું પ્રાણી..
વિદ્યાર્થી – શાળા, મહાશાળાએ જ્ઞાન મેળવવા જતો યુવાન કે યુવતી.
આકાશ – પૃથ્વીની સપાટીની ઉપરનો ખુલ્લો ભાગ

અહીં આ ચાર શબ્દો આપણને તેની યાદચ્છિકતા મુજબ તપાસ્યા અને અર્થો પણ તપાસ્યા ઘણી વખત એવું બને કે યાદચ્છિકોના અર્થો સમય, સંદર્ભ અને બોલનાર ઉપર હોય છે.

**દા.ત. :** "તમારામાં <u>પાણી</u> હોય તો આવી જજો"
"આ ઘોડો <u>પાણી</u> વાળો છે."
"આ તલવાર <u>પાણી</u>દાર છે."

આમ અહીં પાણી એક યાદચ્છિક હોવાં છતાં તેનાં અર્થો જુદાજુદા છે. આ યાદચ્છિકો વાચિકો પણ છે. એટલે કે તેને બોલી શકાય છે. **દા.ત. :** ઝાડ, ભાઈ, માથું, મકાન.

અહીં જે વાચિકો બોલી શકાય છે. તેનાં સંકેતો પણ છે. એટલે કે તને લખી પણ શકાય છે. **દા.ત. :** નર્મદા, ગંગા, ભાદર

ભાષા કોઈપણ માટે છે એટલે કે આ જગતનાં દરેક મનુષ્ય માટે છે. આ જગતના સાતેય ખંડોમાં વસતા માનવો કોઈને કોઈ ભાષા બોલે છે. અને જે બધા માનવો સામાજિક કહેવાય છે. એટલે કે ભાષા કોઈ એક વ્યકિતની નથી પણ સમગ્ર સામાજિક જૂથનાં સભ્યોની છે. અને તેની ચોક્કસ વ્યવસ્થા હોય છે.

ભાષામાં એકવચન, દ્વિવચન, બહુવચન, કાળની રચના, લિંગ, લિંગની રચનાં, કાળની વ્યવસ્થા ઉપરાંત વ્યાકરણનાં તમામ સિધ્ધાંતો કે નિયમો છે. પૂર્ણ વિરામ, અલ્પવિરામ, પ્રશ્નાર્થ, અવતરણ, કૌંસ વગેરે નિશાનીઓ છે તે બધી નિશાનીઓ ભાષા ઉપયોગી છે. આ ભાષા દ્વારા મનુષ્ય એક બીજા સાથે વાતચીત કરીને, લખીને, બોલીને, કાનથી સાંભળીને લોકો એક બીજાનાં સંપર્કમાં આવે અથવા તો એકબીજા સાથે સહકાર સાધે છે અહિ આ પ્રમાણે ભાષાની વ્યાખ્યાની લાક્ષણિકતાઓ ચર્ચીને સ્ટર્ટિવન્ટે આપેલી ભાષાની વ્યાખ્યાને સમજી શકાય છે.

✦ **રૂપતંત્ર એટલે શું ?**

ભાષામાં રૂપતંત્ર એટલે 'Morphame' રૂપતંત્ર એટલે ભાષાનાં યાદચ્છિકો અથવા શબ્દો ગુજરાતી ભાષામાં દોઢ લાખ શબ્દ હોય તો તે સામાન્ય રીતે દોઢ લાખ યાદચ્છિકો અથવા રૂપો કહેવાય છે. આ રૂપોમાં સતત પરિવર્તન પણ થતું હોય છે અને જે પરિવર્તનને કારણે રૂપતંત્ર કે રૂપ બનતું હોય છે.

**દા.ત. :**(૧) ऋणम् = रिणु = રણ
(૨) केशुकम् = केशुअ = કેસુ (કેસુડો)
(૩) चित्रकारकः = चितआशु = ચિતારો
(૪) सहचरि = सहचरि = સહિયર

અહીં ઉપરનાં સંસ્કૃત રૂપો, પ્રાકૃત રૂપો અને ગુજરાતી રૂપોને આપણે તપાસ્યા. એમાં સંસ્કૃતથી પ્રાકૃતમાં અલગ રૂપ બને છે. અને પ્રાકૃતથી ગુજરાતીમાં પણ અલગ રૂપ બને છે. આ રૂપ બનવાની જે ક્રિયા છે તેને રૂપતંત્ર કહેવાય છે. જેમાં વિગતે તપાસીએ તો આદ 'ऋ' નો 'री' થાય છે. અને 'ઈ'નો <u>લોપ</u> થાય છે. દા.ત. : मिलई = મલે = મળે.
रहई = રહએ = રહે.


આ મુજબ ગુજરાતી રૂપતંત્રમાં ફેરફારો જોઈ શકીએ છીએ.

✦ **ધ્વનિતંત્ર :** ગુજરાતી ભાષામાં જેટલાં વાચિક છે એ બધા કોઈને કોઈ રીતે ધ્વનિતંત્ર સાથે જોડાયેલ છે. ભાષા માનવ શરીરમાંથી તેનાં જુદાજુદા અંગોના ઉપયોગથી ઉચ્ચારાય છે. જેમકે ફેફસામાં રહેલો પ્રાણ, સ્વરયંત્ર અને નાદ સુધી પહોંચીને મુખપથમાં પ્રવેશે છે. જયાં દાંત, જીભ, તાળવું, હોઠ વગેરેની મદદથી હવા કે પ્રાણ ઘર્ષણ પામે છે. પરિણામે ધ્વનિ ઉચ્ચારણ થાય છે. અહીં ગુજરાતી ભાષાનું પણ ચોક્કસ ધ્વનિતંત્ર હોય છે. જેમ કે સ્પર્શી વ્યંજનો, સ્પર્શી સંઘર્ષી વ્યંજનો, સંઘર્ષી વ્યંજનો, નાસિકય વ્યંજનો, પાર્શ્વિક, પ્રકંપી અર્ધસ્વર અને શુધ્ધ સ્વરના ચોક્કસ ધ્વનિતંત્ર જોઈ શકાય છે. જે ધ્વનિતંત્રમાં હ્રસ્વત્વ દીર્ઘત્વ પણ હોય છે. ભાષાનાં ધ્વનિઓમાં કયારે સંયુકત ધ્વનિઓ પણ હોય છે. ગુજરાતી ધ્વનિતંત્રમાં કાળક્રમે ધ્વનિઓનાં ભેદ કે ઉચ્ચારણભેદ પણ જોઈ શકાય છે. ભાષાની જોડણીમાં ખાસ કરીને ધ્વનિતંત્ર ખુબ જરૂરી છે. માત્રાઓ, હ્રસ્વ દીર્ઘ, પૂર્ણવિરામ, અલ્પવિરામ, વાકયરચના, પદક્રમ, પદસંવાદ આ બધુ જ ધ્વનિતંત્રમાં સમાવી શકાય છે. ભાષાની જુદીજુદી વક્તાઓ સ્વરભાર, સ્ત્રી, પુરૂષભેદ, આરોહઅવરોહ, સ્વગત આવી ઘણી બધી ભાષાની રીતિઓ ગુજરાતી ધ્વનિતંત્રમાં જોઈ શકાય છે.

✦ **શબ્દભંડોળતંત્ર :** ગુજરાતી કે કોઈ પણ ભાષા શબ્દભંડોળ નાં સમુહથી બનતીહોય છે અહીં શબ્દભંડોળ એટલે ભાષાનાં મૂળ રૂપ, ભાષાનાં મૂળ ધ્વનિઓ કે જેનાથી માનવ ચોક્કસ વ્યવહાર કરે છે. કોઈપણ ભાષા હંમેશા પોતાની મૂળભાષાનાં સંસ્કાર કે સંબંધ ધરાવતી હોય છે. જેમ કે ગુજરાતી ભાષા સંસ્કૃતમાંથી ઉતરી આવેલ છે. આથી સંસ્કૃત ભાષાનાં સંસ્કાર કે શબ્દો ગુજરાતીમાં જોઈ શકાય છે. અહીં આ વાતને એક તાલિકાથી સમજીયે.

સંસ્કૃત
↓
પ્રાકૃત
↓
શૌરસેની પ્રાકૃત
↓
જુની ગુજરાતી
↓
ગુજરાતી

અહીં જોઈ શકાય છે કે ગુજરાતી ભાષામાં જૂની ગુજરાતી, પ્રાકૃત અને સંસ્કૃતનાં શબ્દો હજું સચવાયેલા છે. એ જ રીતે ગુજરાતી શબ્દ ભંડોળમાં ભારતની અન્ય ભાષાઓનાં શબ્દ પણ, પરદેશની ભાષાઓનો શબ્દો પણ ઘડેલા જોઈ શકાય છે.




આ બધી ભાષાઓથી ગુજરાતી ભાષાનું શબ્દભંડોળ મજબૂત બન્યું છે. હવે આ વાતને ઉદાહરણ તરીકે સ્પષ્ટ કરીએ.

(૧) ગુજરાતી શબ્દભંડોળનાં સંસ્કૃત શબ્દો. :–
સમીર, एसमा, સરિતા, નયન, પિતા, માતા, સૂર્ય, ચંદ્ર, વિદ્યુત, સં = (તત્સમ)

(૨) ગુજરાતી શબ્દભંડોળનાં તદભવ શબ્દો (પ્રાકૃત) :–
રેણું, નેણ, સવાર, આથમવું, જળ, માછલી વગેરે.

(૩) ગુજરાતી શબ્દભંડોળનાં દેશ્ય શબ્દ :–
પેટ, પોદરો, ઝાંખરું, ખડકી, ઘાઘરો

(૪) ગુજરાતી શબ્દભંડોળમાં હિન્દી શબ્દો :–
બંસરી, બાઘડો, પતિહારી, પાની, વાઘ, મહેંદી

(૫) ગુજરાતી શબ્દભંડોળમાં મરાઠી શબ્દ
નિમણૂક, નિદાન, પંતુજી, લબાડ

(૬) ગુજરાતી શબ્દભંડોળમાં બંગાળી શબ્દ :–
કિશોર, બાબું, શ્રીયુત, અલકનંદા, રવીન્દ્ર

(૭) ગુજરાતી શબ્દભંડોળમાં ઉર્દુ શબ્દ :–
જલેબી, ગુલાબજાંબુ, હલવો, રૂમાલ, શમશેર, કિલ્લો, દિવાન, બેગમ બાદશાહ ગુલામ

(૮) ગુજરાતી શબ્દભંડોળમાં અંગ્રેજી શબ્દ :–
મોબાઈલ, બસ, બ્રસ, ટેબલ, બેન્ચ, પર્સ, વોલેન, કોલેજ, ગેસ, કિચન, સ્ટવ, બ્લેન્ડર, ઓવન, બાઈક.


✦ **ઉપસંહાર :** ગુજરાતી ભાષાની વ્યાખ્યાને ઉપર જૂદાજૂદા મુદાઓને આધારે તપાસી અને એ વ્યાખ્યાની લાક્ષણિકાતાઓને આપણે તપાસી સાથે સાથે ગુજરાતી ભાષાનું રૂપતંત્ર, ધ્વનિતંત્ર અને શબ્દભંડોળ તંત્રને પણ તપાસ્યું. આમ આ મુદાઓને સ્પષ્ટ કરી શકાય છે.

**પ્ર–૩ ભાષા અને બોલી વચ્ચેનો ભેદ દર્શાવી ગુજરાતની બોલીઓનો ઉદાહરણ સહિત પરિચય આપો.**

✦ **પ્રસ્તાવના :** ગુજરાતી ભાષા કે કોઈપણ ભાષાનો અભ્યાસ વૈજ્ઞાનિક રીતે થઈ શકે છે. અહીં ગુજરાતી ભાષાનો

વૈજ્ઞાનિક રીતે અભ્યાસ કરતાં ગુજરાતી એ ભારતની પ્રાદેશિક ભાષા છે. જેમ પંજાબી, હિન્દી, બંગાળી કે મરાઠી છે, એમ જ ગુજરાતી એ ગુજરાતનાં લોકસમાજની ભાષા છે. જેનાં દ્વારા ગુજરાતી પ્રજા પોતાનો વ્યવહાર કરે છે અને વિકાસ સાધે છે.

ભાષા એટલે ધ્વનિઓનું ચોક્કસ વ્યવસ્થાતંત્ર. ભાષા એટલે ધ્વનિ ઘટકોનું, વર્ણનું, વર્ણમાંથી બનતા શબ્દોનું ચોક્કસ ધ્વનિતંત્ર કે સંઘટિત રૂપ ભાષાને સમજવા માટે પ્રસિધ્ધ ભાષા વૈજ્ઞાનિક હોકેટ આ મુજબની આકૃતિ આપે છે.




ઉપરની આકૃતિને ધ્યાનથી તપાસતાં સમજી શકાય છે કે ભાષાનું માળખું ધ્વનિતંત્ર, રૂપતંત્ર અને વાકયતંત્રથી બનેલું છે. જેમાં શબ્દભંડોળ અસંઘટિત રીતે કામ કરે છે. આ શબ્દભંડોળ બિન ભાષાકીય જગત કહેવાય છે. ભાષામાં સંઘટિત એટલે કે વ્યવસ્થા રૂપે ધ્વનિતંત્ર, રૂપતંત્ર અને વાકયતંત્ર હોય છે જે ચોક્કસ સિધ્ધાંતોથી ઘડાઈને આપણી સામે આવે છે. જયારે શબ્દભંડોળ એ સંપૂર્ણ રીતે અલ્પ સંઘટિત છે. એટલે કે દરેક માનવનું શબ્દભંડોળ જુદુજુદુ હોય છે. આમ ભાષા એટલે શું ? તે બાબતને સ્પષ્ટ કરી શકીએ છીએ.

✦ **ભાષા અને બોલી :** બોલી એ ભાષાનું એક સ્વરૂપ ગણવામાં આવે છે. બોલીમાંથી જ ભાષાનો ઉદ્‌ભવ અને વિકાસ થાય છે. બોલી આખરે ભાષામાં જ ભળી જતી હોય છે. આ બોલીને કારણે કોઈ ચોક્કસ ભાષાનાં જુદા જુદા રૂપો પણ જોઈ શકાય છે. ગુજરાતી ભાષામાં જોઈએ તો દક્ષિણ ગુજરાતની સુરતી બોલી, ઉત્તર ગુજરાતની પટ્ટણી બોલી, મધ્ય ગુજરાતની ચરોતરી બોલી અને સૌરાષ્ટ્રની કાઠિયાવાડી કે સૌરાષ્ટ્રી બોલીને આપણે ગુજરાતની બોલી તરીકે જોઈ શકીએ છીએ. આ બોલીને તપાસવા નીચે મુજબના મુદ્દાઓ ઉપયોગી થઈ શકે એમ છે. જેમ કે,

**(૧) સાહિત્યિક માન્ય ભાષા :–** સાહિત્ય, શિક્ષણ, લેખન, વિદ્યાપીઠો, રેડિયો, ટેલિવિઝન અને સરકારી કામકાજમાં ઉપયોગમાં લેવાતી ભાષા.

**(૨) બોલચાલની માન્ય ભાષા :–** શિક્ષિત વર્ગનાં લોકોની ભાષા. ખાસ કરીને સમાજનાં ભણેલા લોકો, શિક્ષકો, વિદ્યાર્થીઓ બોલે છે એવી ભાષાની નમણું રૂપ.

**(૩) પ્રાંતિય માન્ય ભાષા :–** મધ્યમ વર્ગીય પ્રજાનું ભાષાનું રૂપ. જેમાં થોડુંઘણું ભણેલાં, વેપારીઓ કે સામાન્ય લોકો બોલે છે એવી પ્રાંતની ભાષા.

**(૪) ઉપશિષ્ટ ભાષા :–** સમાજનાં મજુરો કે સામાન્ય રોજીરોટી કમાનાર લોકોનું ભાષાનું રૂપ નાનામોટા ગામડાઓ, નાની બજારો કે જૂની પેઢીનાં લોકોની ભાષાનું રૂપ.

**(૫) સ્થાનિક બોલી :–** નીચલામાં નીચલા વર્ગનો વાણી વ્યવહાર. જે બાર ગાઉએ એટલે કે પ્રદેશે પ્રદેશે બદલાતો હોય છે.

**(૬) Slang ભાષા :–** ખાસ કરીને યુવાન છોકરાછોકરીની ખાનગી ભાષા જેનાં અર્થો ચોક્કસ સમૂહ સુધી જ વપરાતા હોય છે, અને તેના અર્થો ઉપયોગમાં લેવાતા હોય છે.

✦ **ગુજરાતી ભાષાની પ્રાદેશિક બોલીઓ :** ગુજરાત પ્રદેશનાં ભૌગોલિક રીતે ચાર પ્રદેશો છે.

(૧) દક્ષિણ ગુજરાતનો સુરત, નવસારી, ભરૂચ, નર્મદ અને મહારાષ્ટ્ર તેમજ મધ્યપ્રદેશની સરહદોને મળતો ભૂ–ભાગ. જયાં સુરતી બોલી બોલાય છે.

(૨) ઉત્તર ગુજરાતનો કચ્છનાં રણથી માંડીને પાકિસ્તાન અને રાજસ્થાનની સરહદ સુધીનો પાટણ, બનાસકાંઠા, સાબરકાંઠા, મહેસાણા વગેરે જીલ્લાઓનો ભૂ–ભાગ. જયાં પટ્ટણી બોલી બોલાય છે.

(૩) મધ્ય ગુજરાતનો મહી નદીનાં કાંઠાઓનો કે ચરોતર પ્રદેશનો ભૂ–ભાગ. ગાંધીનગર, અમદાવાદ, વડોદરા, ખેડા, આણંદ, નડિયાદ વગેરે વિસ્તારોનો ભાગ. જયાં ચરોતરી બોલી બોલાય છે.

(૪) સૌરાષ્ટ્ર કે કાઠિયાવાડનો પ્રદેશ રાજકોટ, ભાવનગર, જામનગર, જૂનાગઢ, અમરેલી, પોરબંદર, કચ્છ અને સુરેન્દ્રનગર જીલ્લાઓનાં ભૂ–ભાગ. જયાં કાઠિયાવાડી કે સૌરાષ્ટ્રી બોલી બોલાય છે.

અહીં આ દરેક બોલીઓનો વિગતે અભ્યાસ કરીએ એ પહેલાં આ દરેક બોલી જે તે પ્રદેશની પણ વિશેષતા ધરાવે છે. જૂદીજૂદી લોકજાતિઓ, જૂદાંજૂદાં વ્યવસાય કરનારા લોકો, જૂદીજૂદી વય ધરાવતા લોકો અને જૂદાજૂદા પ્રદેશોમાં, જંગલોમાં નદી કે દરિયાકિનારે રહેનારી લોકજાતિઓની બોલી પણ જૂદી પડે છે. સૌરાષ્ટ્રનાં પાંચેક ભૌગોલિક પેટા પ્રદેશો પણ છે.

(૧) સોરઠ, (૨) ગોહિલવાડ, (૩) ઝાલાવાડ, (૪) હાલાર, (૫) કચ્છ, આમ આ મુજબનાં ઘણાં પરિબળો બોલીનાં ઉદ્‌ભવમાં અને લક્ષણોમાં કામ કરતાં જોવા મળે છે.

✦ **સૌરાષ્ટ્રી બોલી :–** આ બોલીનું બીજું નામ કાઠિયાવાડી બોલી છે. જે સૌરાષ્ટ્રનાં રાજકોટ, જૂનાગઢ, જામનગર, પોરબંદર, અમરેલી, સુરેન્દ્રનગર અને કચ્છનાં વિસ્તારમાં બોલાય છે. આ બોલીની પેટા બોલીઓમાં સોરઠી, ગોહિલવાડી, ઝાલાવાડી, હાલારી અને કચ્છી વગેરે બોલી બોલાય છે. ભાષા વૈજ્ઞાનિકો એ આ બોલીનાં અભ્યાસ માટે નીચે મુજબનાં મુદ્દાઓ નક્કી કર્યા છે.

**(૧) ઉચ્ચારણ વિષયક લાક્ષણિકતાઓ :–**

(૧) સૌરાષ્ટ્રની બોલીમાં વિવૃત (ઍ) અને (ઑ) નો અભાવ મળે છે. તેને સ્થાને સંવૃત (એ) અને (ઓ) બોલાય છે.

દા.ત. : ગોળ = આકાર — મેલ = મૂકવું

મોર = પક્ષી — ગોળ = ખાદ્ય પદાર્થ

મેલ = મલિનતા — મોર = વનસ્પતિ

(૨) અંત્ય (આઈ) અને (આઉ)નું (ઐ) અને (ઔ) થાય છે.

દા.ત. : ભાઈ > ભૈ — ગાઉ > ગૌ

(૩) દર્શક સર્વનામના રૂપોમાં (એ) ને સ્થાને (ઈ) બોલાય છે.

દા.ત. : એમનો > ઈમનો — કેમ > કિમ

તેમનો > તિમ

(૪) કાઠિયાવાડી બોલીમાં (શ) નો (સ) થાય છે.

દા.ત. : છાશ > છાસ — શું > હું

શીશી > સીસી

(૫) દંત્ય (સ) તાલવ્ય (શ) નો અઘોષ (હ) બોલાય છે.

દા.ત. : સાચું > હાચું — શુ છે > હું છે.

ખાશુસુ > ખાહું છું — માણસ > માણહ

થાશે > થાહે.

(૬) (સ) નો પૂર્વ વર્તી વ્યંજન જયારે નિરૂનાસિકય હોય ત્યારે તે નાસિકય અથવા સાનુનાસિકય થાય છે.

દા.ત. : ભસવું > ભહવું — થાસે > થાહે

વાસોવાસ > વાહોવાહ

(૭) (હ) શ્રૃતનો લોપ જોવા મળે છે.

દા.ત. : મ્હારું > મારું — રહેવું > રેવું

બ્હેન > બેન — ત્હારું > તારું

(૮) મૂર્ધન્ય વ્યંજનોમાં પ્રર્વવતી (ર) (ડ) અને (ળ) હોય તો તેનો (ય) થાય છે.

દા.ત. : ગોરણી > ચોથણી — ચાળણી > ચાથણી

ખાંડણી > ખાયણી

(૯) (ળ) નો (ર) થાય છે.

દા.ત. : નિશાળ > નિસાર — કાળીયો > કારીયો

ધોળો > ધોરો — કળતર > કરતર

(૧૦) (ચ) અને (છ) નો (સ) થાય છે.

દા.ત. : ચોર > સોર — ચિઠ્ઠી > શિઠ્ઠી

છે > સે — છીબું > શીબું

(૧૧) કાઠિયાવાડીમાં દ ને સ્થાને ર બોલાય છે.

દા.ત. : દાળ > દાર. — ગોળ > ગોર

(૧૨) કાઠિયાવાડી બોલીની પેટાબોલીની ઝાલાવાડીમાં (ક) (ખ) (ગ) અને (ઘ) કંઠય વ્યંજનોનું તાલવ્ય વ્યંજનો (ચ) (છ) (જ) અને (ઝ) બોલાય છે.

દા.ત. : કેમ > ચ્યમ — ગયો > જયોં

ખેતર > છેતર — ઘી > ઝી

(૧૩) કાઠિયાવાડીમાં (ય) શ્રૃતિનું ઉચ્ચારણ વ્યાપક મળે છે.

દા.ત. : કરશું > કરસ્યું — નથી > નથ્ય

લખો > લખ્ય — ઘેરે > ઘેર્ય

(૧૪) કાઠિયાવાડી બોલીમાં ખાસ કરીને સોરઠી આહીરોમાં ચારણ, રબારીઓમાં અનુસ્વાર (ં) વધારે પડતો બોલાય છે.

દા.ત. : અમે, પછે, મથેં, ભણેં, પાણી

(૧૫) અનુસ્વારને સ્થાને અમુક શબ્દોમાં અનુનાસિક વ્યંજન પણ બોલાય છે.

દા.ત. : ચાંદો > ચાન્દો — ભીંત > ભંત

(૧૬) (ડ) અને (ડ) આ બે વ્યંજનોના ધ્વનિઓ વચ્ચે ભેદ જોવા મળે છે.

દા.ત. : પાડી > ભેંસની પાડી — પાડી > પાડી નાખવું.

**(૨) સૌરાષ્ટ્રી બોલીની વ્યાકરણ વિષયક વિશેષતા :**

(૧) સૌરાષ્ટ્રી બોલીમાં બહુવચનનો (ઉ) પ્રત્યય બોલાય છે.

દા.ત. : માણસો > માણહું — છોકરીઓ > છોકરિયું

(૨) સ્ત્રીલિંગમાં ભૂતકૃદંતના ઉપયોગવાળાં ક્રિયાપદનાં રૂપમાં પણ (ઉ) પ્રત્યય લાગે છે.

દા.ત. : ત્યાં કેટલી છોકરીઓ આવી હતી ? >

વાં કેટલી સોકરિયું આવિયુંત્યું ?

(૩) સૌરાષ્ટ્રી બોલીમાં કર્મણિનાં રૂપોમાં (ચ) ને સ્થાને (ણ) બોલાય છે.

દા.ત. : ભરાયો > ભરાણો — ખોવાઈ > ખોવાણી.

(૪) સૌરાષ્ટ્રી બોલીમાં સંભાવનાં અને વર્તમાનમાં પ્રથમ પુરૂષ

બહુવચનનાં રૂપોમાં (ઈએ) ને સ્થાને (ઈ) કે (ઇ) બોલાય છે.

દા.ત. : કરીએ > કરી / કરી    લખીએ > લખી / લખી

(૫) સૌરાષ્ટ્રી બોલીમાં સંભાવનાં અને વર્તમાનનાં બી.પુ.એ. ના રૂપોમાં અંત્ય (એ) લોપ થાય છે.

દા.ત. : જો તું કેર > જો તું કર.    તું જુએ > તું જો
તું ખાય > તું ખા    તું કરે છે > તું કરસ

(૬) સૌરાષ્ટ્રીનાં (અ) કારાન્ત ધાતુઓનાં (આ) કાર જળવાતો જોવા મળે છે.

દા.ત. : થવું > થાવું    જાઉ > જાઉં
જશે > જાસે

(૭) સૌરાષ્ટ્રી બોલીમાં ભવિષ્યકાળમાં પ્ર.પુ.બ. માં (ઈશું)ને બદલે (શું) (સું) બોલાય છે.

દા.ત. : જોઈશું > જોશું    કરીશું > કરસું
ખાઈસું > ખાસું

### (૩) શબ્દભંડોળ વિષયક લાક્ષણિકતા :

સૌરાષ્ટ્રી બોલીનું શબ્દભંડોળ પણ કેટલેક અંશે જુદું તરી આવે એવું છે. કેટલાંક શબ્દો જુઓ : (ઉઆ) કે (વા) (= ત્યાં), (ઘોડે) (=જેમ), (ઓલું) (=પેલું), (મોર) (=આગળ), (હારે) = (સાથે), 'હાલવું' (= ચાલવું), 'અટાણે' (= અત્યારે), 'ગગા' (=દીકરો), 'ઝાલવું' (=પકડવુ), 'બરકવું' (=બોલાવવું), 'વયા જવું' (ચાલ્યા જવું) વગેરે સૌરાષ્ટ્રનાં ચાર કે પાંચ બોલીપ્રદેશોનું પણ કેટલુંક જૂદું શબ્દભંડોળ છે. જેમ કે હાલારીમાં 'પૈસો' શબ્દ છે ત્યાં ગોહિલવાડીમાં 'ફદિયું', ઝાલાવાડીમાં (જઈ), સોરઠીમાં 'કાવડિયું' શબ્દો વપરાય છે, 'વાં'ને સ્થાને કેટલેક ઠેકાણે 'ન્યાં' અને 'પણે' પણ વપરાય છે.

✦ **ઉત્તર ગુજરાતની પટ્ટણી બોલીની લાક્ષણિકતાઓ** : ગુજરાતની મુખ્ય ચાર બોલીઓમાં ઉત્તર ગુજરાતની પટ્ટણી બોલી પાટણ, મહેસાણા, સાબરકાંઠા, બનારસકાંઠા, કલોલ વગેરે જિલ્લાઓ બોલાય છે. આ બોલીનું મુખ્ય શહેર પાટણ હોવાથી ભાષા વૈજ્ઞાનિકોએ આ બોલીનું નામ પટ્ટણીબોલી એવું રાખેલ છે. આ બોલીની નજીક કચ્છની કચ્છી બોલી, પાકિસ્તાન પ્રદેશની સિંધ બોલાતી બોલી, રાજસ્થાનની મેવાડી અને મારવાડી બોલી, મધ્ય પ્રદેશની માળવી અને ખાનદેશી બોલી બોલાતી જોવા મળે છે.

(૧) પટ્ટણી બોલીમાં સાનુનાસિક અથવા નાસિક્ય વ્યંજનના સંપર્કમાં (આ) અને (ઈ) ને સ્થાને વિવૃત (ઑ) અને (ઍ) બોલાય છે.

દા.ત. : ચાંદો > ચાઁદો    ત્યાં > ત્યાઁ
પાણી > પાઁણી    ગામ > ગાઁમ.

(૨) પટ્ટણીબોલીમાં અંત્ય (આ), (ઉં), (ઈ) ની સાનુનાસિકતાનો લોપ થાય છે.

દા.ત. : બૈરાં > બૈરા    કરવું > કરવુ
દહીં > દઈ    મહી > મઈ

(૩) પટ્ટણીબોલીમાં અત્યં (આઈ) અને (આઉ) નું (અઈ) અને (અઉ) બોલાય છે.

દા.ત. : ભાઈ > ભઈ    ખાઈ > ખઈ
ખાવું > ખઉ

(૪) પટ્ટણી બોલીમાં કંઠય વ્યંજનો તાલવ્યમાં બોલાય છે.

દા.ત. : કેટલા > ચેટલા    કીધું > ચીધું
ખેતર > છેતર    માગ > માજ

(૫) પટ્ટણીબોલીમાં (ય), (એ) અને (ઈ) હોય ત્યાં (વ) નો લોપ થાય છે.

દા.ત. : લાવ્યો > લાયો    પકડીયે > પકઈએ
વાવેતર > વાયતર    આવી > આઈ

(૬) પટ્ટણીમાં (ળ) ને સ્થાને (ર) બોલાય છે.

દા.ત. : ધોળો > ધોરો    ઉતાવળ > ઉતાવર

(૭) પટ્ટણીબોલીમાં (ડ) અને (ણ) ની પહેલા (ર) હોય તો તેનો (ય) થાય છે.

દા.ત. શારડી > શાયડી    ઠાકરડા > ઠાકયડા
બારણું > બાયણું    બરણી > બયણી

(૮) પટ્ટણીબોલીમાં સ્વરને અંતે આવેલા (ઢ) નો (હ) થડકારવાળો (ડ) બોલાય છે.

દા.ત. : કાઢવું > કહાડવું    રૂઢિઓ > રૂહડિઓ

(૯) પટ્ટણીબોલીમાં (હ) સ્તુતિ પણ બહુ ઓછી રીતે બોલાય છે.

દા.ત. : મહી > મઈ    વહુ > વઉ

(૧૦) પટ્ટણીમાં ઈંત્ય (સ) નો અઘોષ (હ) બોલાય છે.

દા.ત. : સમજુ > હમજું    નિશાળ > ન્હાળ

(૧૧) પટ્ટણીબોલીમાં (ચ) અને (છ) નો (સ) અને (શ) થાય છે.

દા.ત. : ચાર > સાર    ખરચી > ખરચી
છીંક > શીંક

✦ **પટ્ટણીબોલીની વ્યાકરણગત વિશેષતાઓ :**

(૧) (આ) અને (ઓ) કારાન્ત ધાતુઓનાં સબળ રૂપો જોવા મળે છે.

દા.ત. : થવું > થાવું    ખઉ > ખાવું
જવું > જાશે

(૨) પટ્ટણીબોલીમાં ભવિષ્યકાળ પ્ર.પુ.બ.માં (ઈ) વગરનાં રૂપો મળે છે.

દા.ત. : લેઈશું > લેશું　　જોઈશું > જોશું

(૩) પટ્ટણીબોલીમાં ભવિષ્યકાળનાં (શ) નો (હ) થાય છે.

દા.ત. : મારશે > મારહે　　પડસે > પડહે

(૪) પટ્ટણીબોલીમાં (નથી) ને સ્થાને (નઈ) નો પ્રયોગ મળે છે.

દા.ત. : તું કા મારું કામ કેમ કરતો નથી ? > તું મારું કામ ચ્યમ કરતો નઈ ?

(૫) પટ્ટણીબોલીમાં સ્ત્રીલિંગમાં વિશેષણને અને કૃદંતના ઉપયોગવાળા ક્રિયાપદનાં રૂપોને બહુવચનનો (ઓ) પ્રત્યય લાગે છે.

દા.ત. : બધી બાઈઓ ઉભી હતી >
બધિયો બાયડિયો ઉભિયો હતિયો.

(૬) પટ્ટણીબોલીમાં પુરૂષવાચક સર્વનામનાં રૂપોમાં અંત્ય સ્વરોનો હ્રાસ થાય છે.

દા.ત. મેં > મી　　તેં > તી

### ✦ ઉત્તર ગુજરાતની પટ્ટણી બોલીનું શબ્દભંડોળ :

ઉત્તર ગુજરાતનાં શબ્દભંડોળની પણ કેટલીક વિશેષતાઓ છે. 'તાંણે' (ત્યારે), હેડ (= ચાલ), 'વાખ' (= વાસ) (બંધ કર), 'આલ' (= સાપ), 'સઈ રાખ' (= પકડી રાખ), 'છોડી' (= છોકરી), વાયરો, (= પવન) વગેરે ઉત્તર ગુજરાતમાં વિશેષપણે વપરાતા શબ્દો છે.

### ✦ મધ્ય ગુજરાતની ચરોતરી બોલી :

ગુજરાતની ચાર બોલીઓમાં ભૌગોલિક રીતે બોલાતી ચરોતરી બોલી ચરોત્તર પ્રદેશમાં બોલાય છે. અમદાવાદ, વડોદરા, નડિયાદ, આણંદ, વલ્લભવિદ્યાનગર જેવાં મહત્ત્વનાં શહેરો અને જીલ્લામાં આ બોલી બોલાય છે. ગુજરાતનાં સૌથી વધુ શિક્ષિત અને ધંધા ઉદ્યોગમાં આગળ પડતાં લોકો આ પ્રદેશમાં વસે છે. સામાન્ય રીતે ચરોતરી બોલી એ પટ્ટણી બોલીની એકદમ નજીક હોવાથી આ બોલીમાં પટ્ટણી બોલીનાં પણ લક્ષણો જોવા મળે છે.

### ✦ ચરોતરી બોલીની ઉચ્ચારણ વિષયક લાક્ષણિકતા :

(૧) પટ્ટણીબોલીમાં સાનુનાસિક અથવા નાસિકય વ્યંજનના સંપર્કવાળી (આ) અને (ઈ) ને સ્થાને વિવૃત (ર્આ) અને (ર્અ) બોલાય છે.

દા.ત. ચાંદો > ચાંદો　　ત્યાં > ત્યાં

(૨) ચરોતરી બોલીમાં (આ), (ઉ) અને (ઈ) ની સાનુનાસિકતાનો લોપ થાય છે.

દા.ત. બૈરાં > બૈરા　　કરવું > કરવુ

(૩) ચરોતરી બોલીમાં અંત્ય (આ), (ઉ) અને (ઈ)નું (અઈ) અને (અઉ) બોલાય છે.

દા.ત. ભાઈ > ભઈ　　ખાઈ > ખઈ

(૪) ચરોતરી બોલીમાં કંઠય વ્યંજનનો તાલવ્યમાં બોલાય છે.

દા.ત. કેટલાં > ચેટલાં　　કીધું > ચીંધું

(૫) ચરોતરી બોલીમાં (ય), (એ), (ઈ) હોય ત્યાં (વ) નો લોપ થાય છે.

દા.ત. લાવ્યો > લાયો　　પકડીએ > પકઈએ

(૬) ચરોતરીમાં (ળ) ને સ્થાને (ર) બોલાય છે.

દા.ત. ઘોળો > ઘોરો　　ઉતાવળ > ઉતાવર
કાળિયો > કારિયો

(૭) ચરોતરી બોલીમાં (ડ) અને (ણ) ની પહેલા (ર) હોય તો તેનો (ય) થાય છે.

દા.ત. શારડી > શાયૂડી　　ઠાકરડા > ઠાકયૂડા
બારણું > બાયણું　　બરણી > બયણી

(૮) ચરોતરી બોલીમાં સ્વરને અંતે આવેલા (ઢ) નો હ + થડકારાવાળો (ડ) બોલાય છે.

દા.ત. કાઢવું > કહાડવું　　રૂઢિઓ > રૂહડિઓ

(૯) ચરોતરી બોલીમાં (સ) નો અઘોષ (હ) થાય છે.

દા.ત. સાચું > હાસુ

(૧૦) ચરોતરી બોલીમાં (ચ), (છ), (જ) અને (ઝ) ના સ્પર્શી સંઘર્ષી ઉચ્ચારણોમાં સંઘર્ષનું પ્રમાણ માન્ય કરતા વિશેષ છે.

દા.ત. વેચી > વેત્સી　　છે > સે
છોકરો > સોકરો　　ઝડિયો > દઝડયો

(૧૧) ચરોતરી બોલીમાં (હ) શ્રુતિનો સાર્વત્રિક ઉપયોગ જોવા મળે છે.

દા.ત. પાન > પ્હાન　　નાનું > ન્હાનું
બેન > બ્હેન

(૧૨) ચરોતરી બોલીમાં (ય) શ્રુતિ વધારે બોલાય છે.

દા.ત. આંખ > આંખ્ય　　લાવ > લાવ્ય
બોલ > બોલ્ય

### ✦ ચરોતરી બોલીની વ્યાકરણ વિષયક લાક્ષણિકતા :

(૧) સ્ત્રીલિંગમાં વિશેષણ અને કૃદંત મુલક ક્રિયાપદોને બહુવચનનો (ઓ) પ્રત્યય લાગે છે.

દા.ત. બધાં બૈરાંઓ ઉભાં હતાં > બધિયો
બયડિયો ઉભિયો હતિયો.

(૨) (અ) કારાન્ત નામોને બહુવચનમાં (આં) પ્રત્યય લાગે છે અને ઉચ્ચારણ 'ર્આં' થાય છે.

દા.ત. ખેતર > ખેતર્રાં માણસ > માણર્હાં

પગ > પર્ગાં

(૩) પંચમી વિભકિતમાં (થી) ને બદલે (હિ) બોલાય છે.

દા.ત. કયાંથી આવ્યાં > તર્સ્યાંહિ આયા

હાથથી ગયો > હાથહિં જયોં

(૪) સહાયકારક (છ) ના રૂપોમાં અંત્ય સ્વરોનો રાસ જોવા મળે છે.

દા.ત. તે મારે છે > તે મારે ત્સે.

હું નિશાળે જાવ છું > હું નહાર જાત્સ.

(૫) ભવિષ્યકાળમાં પહેલો, બીજો, પુ. એ રૂપમાં (ઈશ) ને સ્થાને (એશ) કે (એ) બોલાય છે.

દા.ત. હું મારીશ > હુ મારેશ.

(૬) સંભાવના અને વર્તમાનકાળમાં બી.પુ. એ. ના રૂપો પ.પુ. જેવા મળે છે.

દા.ત. તું કેમ મારે છે > તું ત્સ્યમ મારુ ત્સ.

જો તું ન કરે > જો તું ન કરું

## ✦ ચરોતરી બોલીનું શબ્દભંડોળ :

ચરોતરી બોલીનું શબ્દભંડોળ કાઠિયાવાડીની જેમ ઘણું જૂદું તરી આવે છે. 'ગમ' (= બાજુ), 'અગાડી' (= આગળ), 'બૂહલું' (= ધોકો), 'જેમણાં' (= છાણાં), 'ઘાગડી' (= ગોદડી), 'વઢવું' (= લડવું) વગેરે ઉપરાંત ચરોતરના પટેલોના આફ્રિકાના નિવાસને કારણે સ્વાહિલી જેવી આફ્રિકન ભાષામાંથી આવેલા 'ફગિયો' (= પૂંજો), 'સાની' (= થાળી), 'સફરિયું' (= તપેલી) વગેરે શબ્દો પણ જોવા મળે છે.

## ✦ દક્ષિણ ગુજરાતની સુરતીબોલી :

ગુજરાતનાં દક્ષિણ ભાગમાં આવેલા પ્રદેશને દક્ષિણ ગુજરાત કહેવાય છે. આ પ્રદેશનું મુખ્ય શહેર સુરત હોવાથી આ પ્રદેશની બોલીને સુરતી બોલી કહેવામાં આવે છે. સુરત, નર્મદા, નવસારી, બીલીમોરા, ડાંગ અને મહારાષ્ટ્રની, મધ્યપ્રદેશની સરહદે રહેતા લોકોની આ બોલી છે. આ બોલી ગુજરાતની કાઠિયાવાડી, પટ્ટણી કે ચરોતરી બોલીથી ઘણી અલગ પડે છે.

આ વિસ્તાર ગુજરાતનો મહત્વનો આદિવાસી વિસ્તાર હોવાને કારણે પણ બોલીમાં ઘણા ભેદ જોવા મળે છે.

## ✦ સુરતી બોલીની ઉચ્ચારણ વિષયક લાક્ષણિકતા :

(૧) સુરતીબોલીમાં અમુક સયોગોમાં (અ) નો (એ) બોલાય છે.

દા.ત. તાસક > તાસેક કાતર > કાતેર

(૨) સુરતી બોલીમાં (હ) શ્રુતિનો અભાવ કે લોપ જોવા મળે છે.

દા.ત. હું > ઉં હવે > અવે

ચાહ > ચાહેઈ નહીં > ની

કહું > કઉં હશે > ઓહે

(૩) સુરતી બોલીમાં દંત્ય અને મુર્ધન્ય વ્યંજનો અદલાબદલીમાં બોલાય છે.

દા.ત. તમે > ટમે થોડા > ઠોડા

પંદર > પંડર બધા > બઢા

ટમેટા > તમેતા ઠીક > થીક

ડગલો > દગલો ઢેબરું > ધેબરું

(૪) સુરતી બોલીનો (ળ) નો (લ) બોલાય છે.

દા.ત. ગળે > ગલે મળવા > મલવા

(૫) સુરતી બોલીમાં (ણ) ની પૂર્વે(ર) કે (ળ) હોય તો તે બોલાય છે.

દા.ત. પારણું > પાણ્ણું બારણું > બાણ્ણું

(૬) સુરતીબોલીમાં (શ) અને દંત્ય (સ) નો અઘોષ (હ) બોલાય છે.

દા.ત. શાક > હાક સારો > હારો

વલસાડ > વલહાડ

(૭) સુરતીબોલીમાં અમુક સંયોગોમાં (ડ) અને (ત) નો (લ) થાય છે.

દા.ત. કડલું > કલ્લું ગાડલું > ગાલ્લું

નાનલું > નાલ્લું નાખે > લાખે

(૮) સુરતીબોલીમાં વ્યંજનને બેવડાવીને બોલવામાં આવે છે.

દા.ત. દીઠો દીઠ્ઠો ચતો > ચત્તો

પાકો > પાકકો

(૯) સુરતીબોલીમાં અમુક સંયોગોમાં (ય) નો લોપ થાય છે.

દા.ત. કયાં > કાં ત્યાં > તાં

## ✦ સુરતીબોલીની વ્યાકરણ વિષયક લાક્ષણિકતો :

(૧) સુરતીબોલીમાં સહાયકારક (છ) નાં રૂપોમાં અંત્યસ્વરનાં હ્રાસ થાય છે.

દા.ત. હું મારું છું > ઉં મારુ છ. તે મારે છે > તેમારે છ.

(૨) સુરતીબોલીમાં ચાલુ વર્તમાનકાળનાં રૂપોમાં વર્તમાન કૃદંતનો ઉપયોગ થાય છે.

દા.ત. હું કરુ છું. > ઉં કરતો છ.

(૩) સુરતીબોલીમાં સંકેતાર્થવાળા વાકયોમાં (તે) વાળા રૂપો જોવા મળે છે.

દા.ત. મારુ ચાલત તો હું એને કાઢી મૂકત >

મારુ ચાલટે તો હું એને કાઢી મુકતે.

(૪) સુરતીબોલીનાં ભૂતકૃદંતનાં રૂપોમાં (ય) વધારે બોલાય છે.

દા.ત. ચાયૂલો, નાયૂખું, બાયૂલો.

(૫) સુરતીબોલીનાં દ્વિતિય ભૂતકૃદંત (ય એલવાળા રૂપોમાં) (એ) નો લોપ થાય છે.

દા.ત. છપાયેલું > છપાયૂલું કહેલું > કયૂલું

(૬) સુરતીબોલીમાં ભવિષ્યકાળ ૫.પુ. એ. માં (આ) વાળા રૂપો જોવા મળે છે.

દા.ત. હું લખીશ > હું લખા હું ખાઈશ > હું ખાવા

(૭) સુરતીબોલીમાં દ્વિતીય ભૂતકૃંદતનો ઉપયોગ વધારે થાય છે.

દા.ત. ગયો > ગયેલો

✦ **સુરતીબોલીની શબ્દભંડોળ વિષયક લાક્ષણિકતા :**

સુરતીબોલીનું કેટલુંક લાક્ષણિક શબ્દભંડોળ પણ છે. જેમકે 'હવાકો' (= પૈસો), 'પોયરો' (= છોકરો), 'એવણ' (= એ), 'બી' (= પણ), 'ઉઘેરવું' (= ઉછેરવું), 'તીવારે' (= ત્યારે), 'આ ફા' (= આ બાજુ), 'તી ફા' (= તે બાજુ), વગેરે.

✦ **ઉપસંહાર :**

ગુજરાતી ભાષાની પ્રમુખ બોલીઓમાં કાઠિયાવાડી, પટ્ટણી, ચરોતરી અને સુરતીબોલીની લાક્ષણિકતાઓને ઉપર મુજબનાં ત્રણ મુદ્દાઓને આધારે તપાસી શકાય છે. જેમ કે (૧) ઉચ્ચારણ વિષયક લાક્ષણિકતા, (૨) વ્યાકરણ વિષયક લાક્ષણિક (૩) શબ્દ ભંડોળ વિષયક લાક્ષણિકતા.

આમ ભાષા અને બોલીને આ રીતે સમજી શકાય છે.

**પ્ર–૪ માન્ય ગુજરાતીનાં ધ્વનિઘટકો એટલે શું ? ઉદાહરણ સહિત સમજાવો. અથવા**

**માન્ય ગુજરાતીના સ્વર અને વ્યંજન ધ્વનિઘટકો સમજાવો. અથવા**

**ટૂંકનોંધ લખો. માન્ય ગુજરાતીના સ્વરો અને વ્યંજન ધ્વનિ ઘટકો.**

✦ **પ્રસ્તાવના :** કોઈપણ ભાષાનાં વાચિકો એ જે તે ભાષાનાં ધ્વનિઘટકો કહેવાય છે. આ ધ્વનિઘટકો ઉચ્ચારણતંત્રની મદદથી બોલી શકાય છે. અને શ્રવણતંત્ર દ્વારા તેને સાંભળી શકાય છે. દરેક ભાષાનાં ધ્વનિઘટકો સંકેતો અને તેનાં વાચિકોને જુદી જુદી રીતે ઓળખી શકાય છે. બોલી શકાય છે અને લખી શકાય છે.

દા.ત. : ગુજરાતીમાં ક,ખ,ગ, ઘ

હિન્દીમાં क, ख, ग, घ

અંગ્રેજીમાં Ka, Kha, Ga, Gha

કે A, B, C, D આ બધા ધ્વનિ ઘટકો કહેવાય છે.

સ્વર અને વ્યંજન એમ ગુજરાતીમાં બે પ્રકારનાં ધ્વનિઘટકો છે. આ સ્વર અને વ્યંજનની ઉચ્ચારણની રીત પણ જૂદી છે. જેમ કે માત્ર જીભ અને પ્રાણવાયુની મદદથી જે ધ્વનિ ઘટકો ઉચ્ચારાય તેને સ્વર કહેવાય છે. જયારે મુખપથમાં આવેલા જુદા જુદા અંગો જેમ કે કંઠય, તાલવ્ય, મૂર્ધન્ય, દંત્ય, કંઠવિવરીય, તંત્રી વિવરીય, ઔષ્ઠીય વગેરેથી ઉચ્ચારાતાં ધ્વનિઘટકોને વ્યંજન કહેવાય છે. અહીં નીચે આપેલા બન્ને કોઠાઓને ધ્યાનમાં રાખીને ગુજરાતીનાં ધ્વનિઘટકોને સમજવાના પ્રયત્ન થઈ શકે.

**ગુજરાતીના માન્ય સ્વરો**

| | અગ્ર | મધ્ય | પૃષ્ઠ |
|---|---|---|---|
| ઉચ્ચ | ઈ | – | ઉ |
| મધ્ય (અનિમ્ન) | એ | અ | ઓ |
| નિમ્ન | ઍ | આ | ઑ |

| | અગ્ર | મધ્ય | પૃષ્ઠ |
|---|---|---|---|
| ઉચ્ચ | ઈં | – | ઉં |
| મધ્ય (અનિમ્ન) | – | અં | – |
| નિમ્ન | ઍં | આં | ઑં |

**માન્ય ગુજરાતીનાં વ્યંજન ધ્વનિ ઘટકો.**

| | | | કંઠ્ય | તાલવ્ય | મૂર્ધન્ય | દંત્ય | ઓષ્ઠ્ય | કંઠવિવરીય | તંત્રી–વિવરીય |
|---|---|---|---|---|---|---|---|---|---|
| સ્પર્શ | અઘોષ | અ.પ્રા. | ક | | ટ | ત | થ | | |
| | | મ.પ્રા. | ખ | | છ | થ | ફ | | |
| | ઘોષ | અ.પ્રા. | ગ | | [ડ][1] | દ | બ | | |
| | | મ.પ્રા. | ઘ | | ઢ | ધ | ભ | | |
| સ્પર્શ (પડકારાવાળો) | | | | | [ડ][1] | | | | |
| સ્પર્શ સંઘર્ષી | અઘોષ | અ.પ્રા. | | ચ | | | | | |
| | | મ.પ્રા. | | છ | | | | | |
| | ઘોષ | અ.પ્રા. | | જ | | | | | |
| | | મ.પ્રા. | | ઝ | | | | | |
| સંઘર્ષી | અઘોષ | | | [શ][4] | [ષ][4] | સ | | (હ) | |
| | ઘોષ | | | [ઝ] | | | | | હ |
| પાર્શ્વિક | | | | | | લ | | | |
| થડકારાવાળા / પ્રકંપી | | | | | ળ | ર | | | |
| નાસિકય | | | [ઙ][2] | [ઞ][2] | [ણ][3] | ન | મ | | |
| નાસિકય (થડકારાવાળો) | | | | | [ણ][3] | | | | |
| અર્ધસ્વર | | | | ય | | | વ | | |

અહીં ઉપર દર્શાવેલાં ત્રણેય કોઠાઓને આધારે ગુજરાતી ધ્વનિઘટકોને વિગતે સમજી શકાય છે.

✦ **માન્ય ગુજરાતીનાં સ્વરો :**

જે ધ્વનિનાં ઉચ્ચારણમાં માત્ર પ્રાણનો જ ઉપયોગ થાય અને પ્રાણવાયું મુખપથમાંથી પસાર થઈને ઘર્ષણ પામતા જે ધ્વનિઓ ઉચ્ચારાય તે ધ્વનિઓને સ્વર કહેવામાં આવે છે. ગુજરાતી સ્વરોમાં શુદ્ધ સ્વરોની સંખ્યા આઠ છે. જેમ કે અ, આ, ઈ, ઉ, એ (સંવૃત), ર્એ (વિવૃત) ર્આ (સંવૃત), ર્આ (વિવૃત)

આ રીતે ગુજરાતી ધ્વનિ ઘટકોમાં સ્વરની ઉચ્ચારણ પ્રક્રિયાને સમજી શકાય છે. જેમાં જીભનાં આગળનાં સ્થાનેથી (ઈ), (એ), (ર્એ), ઉચ્ચારી શકાય છે એ જ રીતે જીભનાં મધ્ય સ્થાનેથી (અ) અને (આ) ઉચ્ચારી શકાય છે. એમ જ જીભનાં પૃષ્ઠ સ્થાને થી (ઉ), (ઓ), (ર્આ), ઉચ્ચારી શકાય છે. એ જ રીતે સાનુનાસિક્ય સ્વરોનાં પણ ઉચ્ચારણ થાય છે.

✦ **માન્ય ગુજરાતીનાં વ્યંજન ધ્વનિ ઘટકો :**

ગુજરાતી ભાષાનાં વ્યંજન ધ્વનિ ઘટકોમાં માનવ શરીરનાં ઉચ્ચારણ અંગો જેમ કે કંઠય, તાલવ્ય, મૂર્ધન્ય, દંત્ય, ઓષ્ઠય, કંઠવિવરીય, તંત્રીવિવરીયના સ્થાનેથી ગુજરાતી ધ્વનિ ઘટકો ઉચ્ચારી શકાય છે. અહીં ફેફસામાંથી આગળ વધેલો પ્રાણ શ્વાસનળી મારફતે સ્વરયંત્ર સુધી પહોંચે છે. જયાં નાદતંત્રી વચ્ચેથી પસાર થઈને મુખપથના પોલાણમાં આ પ્રાણ કે હવા. એકઠી થાય છે અને એ સમયે જૂદાંજૂદાં ઉપર જણાવેલા અંગોની મદદથી જૂદાંજૂદાં ધ્વનિઓનું ઉચ્ચારણ થાય છે. ઉપર કોઠામાં દર્શાવેલી વિગતો મુજબ કંઠય સ્થાનેથી ક,ખ,ગ, ઘ, [ઙ] આજ રીતે તાલવ્યનાં સ્થાનેથી ચ, છ, જ, ઝ, [શ], [ઝ], [ણ], ય. સ્થાનેથી આજ રીતે મૂર્ધન્યનાં સ્થાનેથી ટ, ઠ, ડ, ઢ, [ડ], [ષ], ળ, [ણ], [ણ], આ જ રીતે દંત્યનાં સ્થાનેથી ત, થ, દ, ઘ, સ, લ, ર, ન આજ રીતે ઔષ્ઠયનાં સ્થાનેથી થ, ફ, બ, ભ, મ, વ, આ જ રીતે કઠવિવરીય નાં સ્થાનેથી (હ) આજ રીતે તંત્રી વિવરીયનાં સ્થાને થી હ બોલાય છે.

અહીં ઉપરના બન્ને કોઠાઓમાં દર્શાવ્યા મુજબ માન્ય ગુજરાતીનાં ધ્વનિ ઘટકોને સ્વર અને વ્યંજનનાં વિભાગમાં વહેચીને તેની સમજૂતી કે અર્થઘટન આપવામાં આવે છે.

**(૧) માન્ય ગુજરાતીનાં સ્વરો :**

માન્ય ગુજરાતીનાં સ્વરોને તપાસતાં સૌ પ્રથમ આપણે નીચે આપેલાં શબ્દ સમૂહોને તપાસીયે.

(૧) પર, પાર, પીર, પુર
(૨) ચર, ચાર, ચીર, ચૂર, ચોર.
(૩) મલ, માલ, મિલ, મૂલ, મેલ (=મૂક), મેલ (=મલિનતા)
(૪) કેરી (= ની), કેરી (ખાવાની)
(૫) ગોળ (આકાર), ગોળ (ખાવાનો)
(૬) મર, માર, મીર, મેર (જાતિ), ર્મેર (= મરને), મોર (પંખી), મોર (આંબાનો).

અહીં ઉપર આપેલા શબ્દોને તપાસતા દરેક વાકયમાં વ્યંજનો સમાન છે પણ સ્વર જુદા જુદા છે.

દા.ત. : (૧) મલ = મ્+ અ + લ્ + અ.
(૨) માલ = મ્+ આ + લ્ + અ.
(૩) મિલ = મ્+ ઈ + લ્ + અ.
(૪) મૂલ = મ્+ ઊ + લ્ + અ.
(૫) મેલ = મ્+ એ + લ્ + અ.
(૬) ર્મેલ = મ્+ ર્એ + લ્ + અ.

અહીં ઉપરના ઉદાહરણોમાં જોઈ શકાય છે કે અ, આ, ઈ, એ, ર્એ એમ સ્વરો મળે છે. અહીં આ સ્વરોનાં ભેદક ધર્મો જોઈએ તો જીભના આગળના ભાગથી, પાછળના ભાગથી જીભ તાળવા તરફ ઉંચે જાય ત્યારે કે જીભ તાળવેથી નીચે આવે ત્યારે એમ જુદી જુદી રીતે બોલી શકાય છે.

| | અગ્ર | મધ્ય | પૃષ્ઠ |
|---|---|---|---|
| ઉચ્ચ | ઈ | – | ઉ |
| મધ્ય (અનિમ્ન) | એ | અ | ઓ |
| નિમ્ન | ર્એ | આ | ર્આ |

| | અગ્ર | મધ્ય | પૃષ્ઠ |
|---|---|---|---|
| ઉચ્ચ | ઈં | – | ઉં |
| મધ્ય (અનિમ્ન) | – | અં | – |
| નિમ્ન | ર્એં | આં | ર્આં |

અહીં સ્વરનાં ઉપર દર્શાવેલ કોઠાને આધારે કહી શકાય છે કે જીભનાં આગળનાં સ્થાનેથી (ઈ) (એ) અને (ર્એ) સ્વર ઉચ્ચારાય છે પછી જીભનાં મધ્ય સ્થાનેથી (અ), (આ) અને પૃષ્ઠ સ્થાનેથી (ઉ), (ઓ), (ર્આ) ઉચ્ચારાય છે. જીભ જયારે ઉચ્ચ સ્થિતિમાં હોય ત્યારે (ઈ) અને (ઉ) જીભ જયારે મધ્ય સ્થિતિમાં હોય ત્યારે (એ), (અ), (ઓ) જીભ જયારે નિમ્ન સ્થિતિમાં હોય ત્યારે (એ), (આ) અને (ઓ) ઉચ્ચારાય છે.

આ રીતે માન્ય ગુજરાતીનાં સ્વરોને સમજી શકાય છે.

### (૨) માન્ય ગુજરાતીનાં સ્પર્શીવ્યંજનો :

સ્પર્શીવ્યંજનો એટલે મુખપથમાં આવેલ પ્રાણ મુખપથમાં રહેલ કોઈને કોઈ અંગોને સ્પર્શે અને એ સમયે મુખપથનાં પોલાણમાં જીભની સ્થિતિ ઊંચી – નીચી હોય ત્યારે જે વ્યંજનો ઉચ્ચારાય છે તેને સ્પર્શીવ્યંજનો કહેવાય છે.

કંઠય – કંઠયનાં સ્થાનેથી ઉચ્ચારાતાં વ્યંજનો

મૂર્ધન્ય – મૂર્ધાનાં સ્થાનેથી ઉચ્ચારાતાં વ્યંજનો

દંત્ય – દાંતનાં સ્થાનેથી ઉચ્ચારાતાં વ્યંજનો

ઓષ્ઠ્ય્ – હોઠેથી ઉચ્ચારાતા વ્યંજનો

**✦ સ્પર્શી કંઠય ધ્વનિ ઘટક :**

માન્ય ગુજરાતી ધ્વનિ ઘટકોમાં કંઠય વ્યંજન તરીકે (ક), (ખ), (ગ) અને (ઘ) એમ ચાર ધ્વનિ ઘટક છે.

આ ધ્વનિઘટકોનાં અલ્પપ્રાણ ધ્વનિઘટક તરીકે (ક) અને (ગ) અને મહાપ્રાણ ધ્વનિઘટક તરીકે (ખ) અને (ઘ) છે. કંઠય વ્યંજનોમાં અઘોષ (ક) અને (ખ) જયારે ઘોષ વ્યંજન તરીકે (ગ) અને (ઘ) આવેલા છે.

**✦ સ્પર્શી મૂર્ધન્ય ધ્વનિ ઘટકો :**

માન્ય ગુજરાતી ધ્વનિ ઘટકોમાં મૂર્ધન્ય વ્યંજન તરીકે (ટ), (ઠ), (ડ), (ઢ) અને (ડ) એમ પાંચ ધ્વનિ ઘટકો છે. આ ધ્વનિઘટકોમાં અલ્પપ્રાણ ધ્વનિ ઘટક તરીકે (ટ) અને (ડ) અને મહાપ્રાણ ધ્વનિઘટક તરીકે (ઠ) અને (ઢ) છે. મૂર્ધન્ય વ્યંજનોમાં અઘોષ (ટ) અને (ઠ) છે અને જયારે ઘોષ વ્યંજન તરીકે (ડ) અને (ઢ) આવેલા છે.

**✦ સ્પર્શી દંત્ય ધ્વનિ ઘટકો :**

માન્ય ગુજરાતી ધ્વનિ ઘટકોમાં દંત્ય વ્યંજન તરીકે (ત), (થ), (દ), અને (ધ) છે. એમ ચાર ધ્વનિ ઘટકો છે. આ ધ્વનિઘટકોના અલ્પપ્રાણ (ત) અને (દ) છે. જયારે મહાપ્રાણ (થ) અને (ધ) છે. દંત્ય વ્યંજનોમાં અઘોષ (ત) અને (થ) છે જયારે ઘોષ (દ) અને (ધ) એમ આવેલા છે.

**✦ સ્પર્શી ઔષ્ઠ્ય ધ્વનિઘટકો :**

માન્ય ગુજરાતી ધ્વનિઘટકોમાં ઔષ્ઠ્ય વ્યંજન તરીકે (પ), (ફ), (બ) અને (ભ) એમ ચાર વ્યંજન આવેલા છે. આ ધ્વનિઘટકોમાં અલ્પપ્રાણ ધ્વનિઘટક તરીકે (પ) અને (બ) છે. જયારે મહાપ્રાણ તરીકે (ફ) અને (ભ) છે. ઔષ્ઠ્ય વ્યંજનોમાં અઘોષ તરીકે (પ) અને (ફ) છે. જયારે ઘોષ તરીકે (બ) અને (ભ) એમ વ્યંજનો આવેલા છે.

### (૩) માન્ય ગુજરાતીનાં સ્પર્શીસંઘર્ષી ધ્વનિ ઘટકો :

ગુજરાતી ધ્વનિ ઘટકોમાં સ્પર્શીસંઘર્ષી ધ્વનિ ઘટક એટલે મૂખપથમાંથી પ્રાણ બહાર નીકળે છે. ત્યારે જીભ તાળવાને સ્પર્શેલી હોય છે. પરિણામે જીભનો વળાંક થવાથી જીભની બન્ને બાજુએ અને ઉપર નીચે પોલાણ થાય છે અને પ્રાણ બહાર નીકળવા માટે સંઘર્ષ પામે છે. આથી પ્રાણ સ્પર્શ અને સંઘર્ષ પામતો હોવાથી જે વ્યંજનો ઉચ્ચારાય છે તેને સ્પર્શી સંઘર્ષી ધ્વનિ ઘટકો કહેવાય છે. ગુજરાતીનાં સ્પર્શીસંઘર્ષી ધ્વનિ ઘટક તરીકે (ચ), (છ), (જ), અને (ઝ) છે. જેમાં ઘોષ (જ) અને (ઝ) છે જયારે અઘોષ તરીકે (ચ) અને (છ) છે. અલ્પપ્રાણ (ચ) અને (જ) છે જયારે મહાપ્રાણ તરીકે (છ) અને (ઝ) છે.

### (૪) માન્ય ગુજરાતીનાં સંઘર્ષી ધ્વનિ ઘટકો :

સંઘર્ષી ધ્વનિ ઘટકો એટલે પ્રાણવાયુનો પૂર્ણ પણે મૂખપથમાંથી બહાર નીકળવાનો સંઘર્ષ. આ વ્યંજનોને ઉચ્ચારવા માટે પુરી રીતે સંઘર્ષ કરવો પડે છે. તાલવ્ય મૂર્ધા અને દાંતનાં સ્થાનેથી આ સંઘર્ષીઓ ઉચ્ચારાય છે. જેમાં અઘોષ સંઘર્ષી તરીકે (શ), (ષ), (સ) અને (હ) નામનાં ધ્વનિ ઘટકો છે. જયારે ઘોષમાં (ઝ), (હ) નો સમાવેશ થાય છે.

### (૫) માન્ય ગુજરાતીમાં પાર્શ્વિક ધ્વનિ ઘટકો :

માન્ય ગુજરાતી ધ્વનિ ઘટકોમાં પાર્શ્વિક ધ્વનિ ઘટક તરીકે દંત્યનાં સ્થાનેથી ઉચ્ચારતો એક માત્ર (લ) નામનો ધ્વનિ ઘટક છે. અહીં પાર્શ્વિક એટલે જીભ દાંતને સ્પર્શે અને મુખપથમાં જીભનો વળાંક થાય એ જીભ મુખપથમાં મૂળ સ્થિતિએ આવે અને જીભનાં પાછળનાં ભાગેથી જે વ્યંજન ઉચ્ચારાય તેને પાર્શ્વિક વ્યંજન કહેવાય છે.

### (૬) માન્ય ગુજરાતીનાં થડકારવાળા / પ્રકંપી ધ્વનિ ઘટકો :

માન્ય ગુજરાતીનાં થડકારવાળા/પ્રકંપી ધ્વનિઘટકો એટલે જે ધ્વનિ ઘટકોના ઉચ્ચારણમાં જીભ મુખપથમાં થડકો પામે છે અથવા જીભનુ મુખમાં કંપન થાય છે. આ થડકો કે કંપનને કારણે મૂર્ધાના સ્થાનેથી (ળ) અને દંત્યના સ્થાનેથી (ર) નામનાં પ્રકંપીઓ ઉચ્ચારી શકાય છે.

### (૭) માન્ય ગુજરાતીનાં નાસિકય ધ્વનિ ઘટકો :

પ્રાણવાયુ મુખપથની સાથે સાથે નાસિકાપથમાંથી પણ જયારે ઘસાઈને બહાર નીકળે છે એ વખતે જે ધ્વનિ ઘટકો ઉચ્ચારાય છે તેને નાસિકય ધ્વનિઘટકો કહેવાય છે. તેમાં કંઠયનાં સ્થાનેથી (ઙ), તાલવ્યના સ્થાનેથી (ઞ), મૂર્ધાના સ્થાનેથી (ણ) દંત્યનાં સ્થાનેથી (ન) અને ઔષ્ઠ્યનાં સ્થાનેથી (મ) ઉચ્ચારાય છે.

### (૮) માન્ય ગુજરાતીનાં નાસિકય થડકારવાળો ધ્વનિ ઘટકો :

પ્રાણવાયુ મુખપથની સાથે સાથે જયારે નાસિકાપથમાંથી નીકળે છે ત્યારે નાસિકાપથમાં થડકો લાગે છે અને ઘસાઈને

પ્રાણવાયુ બહાર નીકળે છે. તેને નાસિકય (થડકારવાળો) ધ્વનિઘટકો કહેવાય છે. તેમાં મૂર્ધન્યનાં સ્થાનેથી (ણ) એ એક માત્ર ધ્વનિ ઘટક ઉચ્ચારાય છે.

**(૯) માન્ય ગુજરાતીનાં અર્ધસ્વરો :**

અર્ધસ્વરો એટલે જેનાં ઉચ્ચારમાં મુખપથમાં આવેલા અંગોનો પુરેપુરો ઉપયોગ થતો ન હોય તેવા ધ્વનિઘટકોને અર્ધસ્વરો કહેવાય છે. ગુજરાતી ધ્વનિઘટકોમાં તાલવ્યનાં સ્થાનેથી (ય) અને ઔષ્ઠ્યનાં સ્થાનેથી (વ) એમ બે ધ્વનિઘટકો આવેલા છે.

**(૧૦) માન્ય ગુજરાતીનાં સ્પર્શી થડકારવાળો ધ્વનિ ઘટક :**

માન્ય ગુજરાતીમાં હવા કે પ્રાણ મુખપથમાં સ્પર્શ પામે અને મૂર્ધાને અડેલી જીભ થડકો પામે એ વખતે જે ધ્વનિઘટક ઉચ્ચારાય છે તેને સ્પર્શી થડકારવાળો ધ્વનિ ઘટક કહેવાય છે. ગુજરાતી ધ્વનિ ઘટકમાં મૂર્ધાના સ્થાનેથી ઉચ્ચારાતો એકમાત્ર (ડ) ધ્વનિઘટક છે.

✦ **ઉપરસંહાર :**


ઉપરના મુદ્દાઓને ધ્યાનમાં રાખીને ગુજરાતી ધ્વનિઘટક વિશે ચર્ચા કરી શકાય છે.

**પ્ર–૬ માન્ય ગુજરાતી ભાષાની દ્વિરુક્તિઓ અથવા રવાનુકારી શબ્દો વિશે ચર્ચા કરો.**

✦ **પ્રસ્તાવના :** ગુજરાતી ભાષામાં 'દ્વિરુક્તિ' એટલે એકને એક વર્ણ કે અક્ષર એક જ શબ્દમાં બે વખત આવે તેને કહેવાય છે. 'રવાનુકારી' શબ્દ એટલે એ શબ્દને બોલવામાં કે સાંભળવામાં એક સમાન પ્રકારનો રવ, લય કે ધ્વનિ સંભળાય છે.

અહી નીચેના કોઠાપ્રમાણે દ્વિરુક્તિ ને સમજવાનો પ્રયત્ન થઈ શકે.

**ધ્વનિગત દ્વિરુક્તિ**




હવે આ પ્રકારના ઉદાહરણો જોઈએ

(૧) સંયોજક (આ) વાળી સંપૂર્ણ દ્વિરુક્તિ : હસાહસ, દોડાદોડી, પક્ષાપક્ષી, સામાસામી, ઉપરાઉપરી, એકાએક, ગરમાગરમ, ફટાફટ, ધમાધમ, ઝપાઝપી વગેરે

(૨) સંયોજક (એ) વાળી સંપૂર્ણ દ્વિરુકિતઃ રગેરગ, કાનેકાન, પૂરેપૂરું, ગામેગામ, પોટલેપોટલા, સાચેસાચું વગેરે

(૩) સંયોજક (ઓ) વાળી સંપૂર્ણ દ્વિરુક્તિઃ અડોઅડ, જનમોજનમ, રાતોરામ, ભારોભાર, અરધોઅરધ, ટપોટપ, ખીચોખીચ, કટોકટી વગેરે.

(૪) સંયોજક (અં) વાળી સંપૂર્ણ દ્વિરુક્તિ : ગાળંગાળી, કૂદંકૂદી, ઠોકઠોક, મારંમાર, ખુલ્લંખુલ્લા વગેરે

(૫) સંયોજક વિનાની સંપૂર્ણ દ્વિરુક્તિ : વાહવાહ, સાફસાફ, ઠેરઠેર, વાંચવાંચ, અર્ધુંઅર્ધું, જયાંજયાં, ઝબકઝબક, કિલકિલ, છબછબિયાં વગેરે

(૬) સંયોજક (અ) સાથેની પ્રથમ વ્યંજનના આવર્તનયુક્ત આંશિક લોપવાળી દ્વિરુક્તિ : છંછેડવું, ખંખેરવું વગેરે

(૭) સંયોજક વિનાની પ્રથમ વ્યંજનના આવર્તનયુક્ત આંશિક લોપવાળી દ્વિરુક્તિ : તતડવું, થથરવું, ચચણવું, દદડવું

(૮) આંશિક લોપ છતાં વધુ અંશની દ્વિરુક્તિ : આટઆટલું, ઠેકઠેકાણે, તેવતેવડી, લાગલગાટ વગેરે.

(૯) સ્વરભેદવાળી પ્રતિધ્વનિરૂપ દ્વિરુક્તિ : સાફસૂફ, કાપકૂપ, ઝાડીઝૂડીને, ઠીકઠાક, થીગડથાગડ, ફાટફૂટ, ટાપટીય; (આ) સંયોજક સાથે : ડાઘાડૂઘી, દાણાદૂણી)

(૧૦) પ્રથમ વ્યંજનના ભેદવાળી પ્રતિધ્વનિરૂપ દ્વિરુક્તિ : તોડફોડ, રમતગમત, શાકબાક, ચોપડીબોપડી, બારીફારી, બનીઠનીને, ભાગ્યુંતાગ્યું, અમુકતમુક, હોશકોશ, તાજુંમાજું, આસપાસ, આડોશીપાડોશી, અલકમલક, ઝરમર, ટગુમગુ, ચટપટી વગેરે.

(૧૧) પહેલા વ્યંજન – સ્વરના ભેદવાળી પ્રતિધ્વનિરૂપ દ્વિરુક્તિ : ઘાલમેલ, એઠુંજુઠું, વાંકુંચૂંકું, ઓળખીતું, પાળખીતું, કાલુઘેલું, બાંધીચીંધી, નાગુંપૂગું, પૂછગાછ, વાસણકૂસણ, (કેટલીક વાર સંયોજક (આ) સાથે : બોલાચાલી, અંધાધૂંધી)

(૧૨) વિશેષ ભેદવાળી છતાં કંઈક વર્ણાનુપ્રાસ ને અંત્યાનુપ્રાસવાળી દ્વિરુક્તિ : ખબરઅંતર, ટાંકાટેભા, ચકરડીભમરડી, આશકમાશૂક, ઢોરઢાંખર, સિપાઈસપરા, લૂગડાલતાં, ઢાંકીઢૂંબીને વગેરે.

✦ **ઉપસંહાર :**

ઉપરના ઉદાહરણો દ્વારા ગુજરાતી ભાષાની દ્વિરુક્તિઓની ચર્ચા થઈ શકે છે.

**પ્ર–૭ માન્ય ગુજરાતી ભાષાનાં ઉદ્ભવ અને વિકાસની વિગતે ચર્ચા કરો. અથવા**

**માન્ય ગુજરાતી ભાષાના ઉદ્ભવ અને વિકાસને તબક્કાવાર સમજાવો.**

✦ **પ્રસ્તાવના :** ગુજરાતી ભાષાના મૂળ તપાસીએતો ભારતીય આર્ય એટલે કે ઈન્ડો. આર્યન ભાષાકૂળમાં જવુ પડે. ભાષાકુળ જગતનું સૌથી મોટું ભાષાકૂળ એટલે કે ઈન્ડો યુરોપીયન ભારોપીય ભાષાકુળમાંથી મેળવી શકાય છે. આ ગુજરાતી ભાષાને સમજવા નીચેની વિગતથી વધારે સમજૂતી હશે.

(ઈન્ડો. યુરોપિયન = ભારોપિય ભાષા કૂળ)

↓

ઈન્ડો. ઈરાનિઅન = ભારત–ઈરાની ભાષાકૂળ

↓

ઈન્ડો. આર્યન = ભારતીય આર્ય ભાષાકૂળ

↓

સંસ્કૃત

↓

પ્રાકૃત

↓

અપભ્રંશ / જૂની ગુજરાતી

↓

ગુજરાતી

આ રીતે ગુજરાતી ભાષાનો ઉદભવ જોઈ શકાય છે.

**(૧) ગુજરાતી ભાષાનું નામ :** કોઈપણ ભાષાનું નામ હંમેશા ભાષાનાં ઉદ્ભવ કે વિકાસની સાથે પડતું નથી. પણ એ ભાષા ધીમેધીમે સમાજમાં સ્થિર થાય પછી ભાષાનાં સર્જકો દ્વારા ભાષાનાં બોલનારાઓ દ્વારા ભૂગોળ પ્રમાણે કે ચોક્કસ લક્ષણો પ્રમાણે ભાષાનું નામ રજુ થાય છે.

'ગુજરાતી ભાષા' એવો શબ્દ પ્રયોગ કરનાર આખ્યાન કવિ પ્રેમાનંદ ગુજરાતીમાં સૌ પ્રથમ મળે છે જો કે પ્રેમાનંદની પૂર્વે થયેલ કવિ ભાલણ ગુજરાતી ભાષાને ગૂર્જર ભાષા, ગૂર્જર ભાખા, કે પ્રાકૃત ભાષા તરીકે ઓળખાવે છે. અહીં સ્પષ્ટ થાય છે કે ગુર્જર પ્રદેશ એટલે કે સૌરાષ્ટ્ર, ગુજરાત, રાજસ્થાન, મધ્યપ્રદેશ અને મહારાષ્ટ્રનાં વિસ્તારો સુધી બોલાતી ભાષા એટલે ગુજરાતી ભાષા અહીં ગુજરાતી ભાષા મધ્યકાલીન સાહિત્યનાં જે ગ્રંથોમાં જોવા મળે છે. તેની યાદી પણ તપાસવી જરૂરી છે.

**(૨) મધ્યકાલીન ગુજરાતી સાહિત્યમાં ગુજરાતી ભાષાનાં લક્ષણો :** મધ્યકાલીન ગુજરાતી સાહિત્યનો સમયગાળો ઈ.સ. ૧૦૦૦/૧૧૦૦ થી ૧૮૦૦ સુધીનો ગણવામાં આવે છે. આ સમયગાળામાં ગુજરાતમાં જૈન સાહિત્ય જૈન કવિઓ દ્વારા લખાતું જે સામાન્ય રીતે પ્રાકૃત કે અપભ્રંશ ભાષામાં લખાતું આપણે અત્યારે જે ગુજરાતી ભાષા બોલીએ છીએ તેનાં મૂળ અહીં મધ્યકાલમાં પડેલા છે આ સમયે લખાતી પ્રાકૃત કૃતિઓમાં ગુજરાતી ભાષાનાં લક્ષણો મળે છે તે સાહિત્ય કૃતિઓ નીચે મુજબ છે.

| કવિ | કૃતિ | સાલ |
|---|---|---|
| (૧) વજ્રસેન | 'ભરતેશ્વરબાહુબલી ઘોર' | ઈ.સ. ૧૧૬૯ |
| (૨) શાલીભદ્ર | 'ભરતેશ્વરબાહુબલી રાસ' | ઈ.સ. ૧૧૮૫ |
| (૩) ધર્મસ્વામી | 'જંબુસ્વામિચરિય' | ઈ.સ. ૧૨૧૦ |
| (૪) વિજયસેન | 'રેવતગિરિ રાસું' | ઈ.સ. ૧૨૩૦ |
| (૫) હેમચંદ્રાચાર્ય | 'સિધ્ધહેમ શબ્દાનુસાસન' | ઈ.સ. ૧૨૦૦ |
| (૬) મહારાજા ભોજ | 'સરસ્વતિ કંઠાભરણ' | ઈ.સ. ૧૦૧૪ |

આ રીતે ગુજરાતી ભાષાનાં લક્ષણો ઉપર મુજબની સાહિત્ય કૃતિઓમાંથી મળે છે.

**(૩) ગુજરાતી ભાષાનું નામ :** ગુજરાતી ભાષાનાં ઉદ્ભવ અને વિકાસનાં અનુસંધાને ભાષા વૈજ્ઞાનિકોએ તેમજ સર્જકોએ ગુજરાતી ભાષાને નામ આપવા પ્રયત્ન કર્યા છે. અહીં નીચે દર્શાવેલ સર્જકોએ ગુજરાતી ભાષાના નામ આપેલા છે.

| ભાષા વૈજ્ઞાનિક | નામ |
|---|---|
| (૧) ભાલણ | → ગૂર્જર ભાષા |
| (૨) પ્રેમાનંદ | → ગુજરાતી ભાષા |
| (૩) તેરસીતોરી | → પ્રાચીન પ્રશ્ચિમ રાજસ્થાની |
| (૪) નરસિંહરાવ | → અંતિમ અપભ્રંશ / ગૌર્જર |
| (૫) કે.હ. ધ્રુવ | → અપભ્રંશ / પ્રાચીન ગુજરાતી |
| (૬) કે.કા. શાસ્ત્રી | → ગૂર્જર ભાષા / જૂની ગુજરાતી |
| (૭) ઉમાશંકર જોષી | → મારું ગૂર્જર |
| (૮) ડો. ટી. એન. દવે | → ગુજરાતી / પ્રાચીન ગુજરાતી |
| (૯) ડો. હરિવલ્લભ ભાયાણી | → ગુજરાતી |

આ રીતે ગુજરાતી ભાષાને સર્જકો, સંશોધકો અને વૈજ્ઞાનિકો જૂદાંજૂદાં નામ આપે છે.

**(૨) ગુજરાતી ભાષાનો ઉદ્ભવ અને વિકાસ પ્રથમ ભૂમિકા :** ગુજરાતી ભાષાનાં ઉદ્ભવની પ્રથમ ભૂમિકા ઈ.સ. ૧૪૦૦ની આસપાસ સુધી ગણી શકાય છે. એટલે કે ઈ.સ.

૧૦૦૦/૧૨૦૦ થી લયને ઈ.સ. ૧૪૫૦ સુધીનાં સમયગાળાને ગુજરાતી ભાષાનાં ઉદ્‌ભવનો પ્રથમ તબકકો ગણી શકાય. આ ૪૦૦ / ૪૫૦ વર્ષનાં સમયમાં ગુજરાત, રાજસ્થાન, મધ્યપ્રદેશ વગેરે પ્રાંતોની સમાન સ્થિતિ હતી. આ સમયે ગુજરાતમાં સંસ્કૃત અને પ્રાકૃતભાષા બોલાતી હતી. જૈન યુગ અને જૈન કવિઓ આ સમયમાં સાહિત્ય સર્જન કરતાં હતા. ધીમેધીમે ભકિત આંદોલનની શરૂઆત આ સમયમાં હતી. ગુજરાતમાં સૌલંકી વંશનાં હિન્દુ રાજાઓનું રાજય હતું. આવી સાંસ્કૃતિક, સામાજિક અને ઐતિહાસિક ભૂમિકામા ગુજરાતી ભાષાનો પ્રથમ તબકકો ઉદભવે છે.

**✦ પ્રથમ તબ્બકાનો ધ્વનિવિકાસ (ઈ.સ. ૧૦૦૦ થી ૧૪૫૦) :**

(૧) આ તબ્બકામાં અપભ્રંશનાં સંયુકત વ્યંજનો એકવડાં બને છે. અને એની પહેલાનો સ્વર દીર્ઘ બને છે. દા.ત. कर्म > कम्म > અને કામ. धर्म > धम्म > ધામ.

(૨) પ્રથમ તબ્બકાનાં સંયુકત વ્યંજનોમાં પૂર્વ વ્યંજન જયારે અનુનાસિક હોય ત્યારે તે લૂપ્ત થાય છે અને દીર્ઘ થયેલો પૂર્વ–સ્વર સાનુનાસિક બને છે.

દા.ત. पञ्च > पंच > પાંચ

(૩) પ્રથમ તબ્બકામાં અંત્ય (ઉ) કાર – ખાસ કરીને અપભ્રંશના પુલ્લિંગ પ્રથમા દ્વિતીયાના એકવચનનો (અ) થાય છે.

દા.ત. कुम्भकारः > कुम्भआरु > કુંભાર

सुत्रधार > सुथ्थआरु > સુથાર

(૪) પ્રથમ તબ્બકામાં અમુક ધ્વનિસંદર્ભમાં (હ)કાર અને (વ) કારનો લોપ થાય છે.

દા.ત. बारह > બાર पंद्रह > પંદર

लेखशाला > लेहसाल > લેસાલ > નિશાળ

गांधीजीअ > गांधीजीव > ગાંધીજી

आणलदेई > आणलदेवी > આણલદે

(૫) પ્રથમ તબ્બકાનાં અમુક સંયોગોમાં પ્રથમ વર્ણ રૂપ રહેલા (અ) (ઉ) નો અપભ્રંશમાં લોપ થતો હતો તે પ્રક્રિયા ગુજરાતીમાં પણ નજરે ચળે છે.

દા.ત. आक्षेति > अच्छइ > છઈ > છે

अन्यदपि > अन्नइ > નઈ > ને

अवपूरयति > अवपूरह > ओउरह > ઓરે > અપ

**✦ પ્રથમ તબ્બકાનો રૂપ વિકાસ :**

(૧) અપભ્રંશ સુધીમાં સંસ્કૃતનું વિભકિતતંત્ર વિચ્છિન્ન થઈ ગયેલું અને સંસ્કૃતના પ્રત્યયો ઘસાઈ જતાં નવા વિભકિતદર્શક અનુગોનો પ્રચાર થવા લાગેલો જૂની ગુજરાતીમાં આ પ્રક્રિયા આગળ ચાલે છે. અને (સિઉ) (નઈ) (થિકઉ) (પાસિ) વગેરે નવા અનુગો પ્રચારમાં આવે છે.

(૨) પ્રથમ તબ્બકામાં (છ) અને (હો) નાં પ્રાચીન રૂપો સહાયકારક ક્રિયાપદ તરીકે પ્રયોજવા લાગે છે.

દા.ત. કરઈ છઈ > કરીએ છીએ.

કરતઉ હતઉ > કરતા હતા

(૩) પ્રથમ તબ્બકામાં ગુજરાતી ભાષાનું બંધારણ વધુ વ્યસ્ત અને મજબૂત થાય છે.

**✦ પ્રથમ તબ્બકાનો શબ્દ ભંડોળ વિકાસ :**

(૧) આ સમયમાં સંસ્કૃત શબ્દો વધારે બોલાતા જોવા મળે છે.

(૨) આ સમયમાં સંસ્કૃત તત્સમ શબ્દો વધારે બોલાય છે.

(૩) પ્રાકૃત અપભ્રંશકાળમાં સ્વર પછી આવતા એકવડા વ્યંજનમાં ઉચ્ચાર ભેદ થાય છે.

દા.ત. वचन > वचण > વચન

(૪) આ સમયમાં અજ્ઞાત મૂળનાં દેશી શબ્દો પણ પ્રચારમાં આવે છે.

દા.ત. પેટ, વોકળો, ઝાંખરું, ઘાઘરો વગેરે

(૫) આ સમયમાં રવાનુકારી અને દ્વિરુકત શબ્દોના પ્રમાણમાં પણ વધારો થાય છે.

દા.ત. ટનટન, વાહવાહ, આડુઊભું, જેમતેમ વગેરે

**➜ ગુજરાતી ભાષાનો ઉદ્‌ભવ અને વિકાસ બીજી ભૂમિકા :**

ઈ.સ. ૧૨૯૭માં ગુજરાત પર અલ્લાઉદ્દીન ખીલજીનું આક્રમણ આવે છે અને પરિણામે ગુજરાતમાં મુસ્લિમ રાજય–અમલના મંડાણ થાય છે. ગુજરાત–રાજસ્થાનના સાંસ્કૃતિક સંબંધો એને કારણે શિથિલ થયા હશે એમ જણાય છે. ઈ.સ. ૧૪૦૭માં તો ગુજરાતની સલ્તનત સ્વતંત્ર બને છે અને દિલ્હી સાથેના એના સંબંધનો તંતુ પણ કપાઈ જાય છે. ઈ.સ. ૧૪૧૧માં ગુજરાતની રાજધાની પાટણથી ખસીને અમદાવાદ આવે છે. ગુજરાત–રાજસ્થાનને એ રીતે છેટું પડવા લાગે છે. બીજી બાજુથી રજપૂતાનાંનાં રાજયો દિલ્હીની નિકટમાં રહે છે અને તેનો ભાષાકીય પ્રભાવ ઝીલે છે. આનું પરિણામ એ આવે છે કે ગુજરાત અને રાજસ્થાનની ભાષાઓ અલગ પડવા લાગે છે.

ગુજરાતી – રાજસ્થાની માળવી જૂથમાંથી સૌથી પહેલી જયપુરી ઈ.સ. પંદરમાં શતકના આરંભમાં છૂટી પડે છે. ત્યારબાદ પંદરમી સદીમાં જ ગુજરાતી, મારવાડી અને માળવી પણ જુદી પડે છે. પંદરમી – સોળમી સદીથી (નરસિંહ – ભાલણના

સમયથી) ગુજરાતી લગભગ આજના ગુજરાતની ભાષા તરીકે વિકસવા લાગે છે. આ ગુજરાતીની બીજી ભૂમિકા કે મધ્યકાલીન ગુજરાતી, ઈ.સ. ૧૬૫૦ સુધી એટલે કે અખાના કવનકાળ સુધી આ ભૂમિકા ચાલુ રહે છે. એટલે ગુજરાતીની બીજી ભૂમિકાનો સમય આપણે ઈ.સ.ની પંદરમી સદીથી સત્તરમી સદીના પૂવાર્ધ સુધીનો ગણી શકીએ.

**✦ બીજા તબક્કાનો ધ્વનિ વિકાસ :**
**(ઈ.સ. ૧૪૫૦ થી ૧૬૫૦)**

(૧) અપભ્રંશમાં (અઈ) અને (અઉ) એ સ્વરયુગ્મોને સ્થાને (ઍ) (ઑ) આવે છે.

દા.ત. पइसह > પૅસે. चउफ > ચૉક

(૨) અહીં (ઍ) અને (ઑ)નું ગુજરાતીમાં બોલવામાં પ્રમાણ વધે છે.

(૩) બીજા અક્ષરમાં (આ) હોય ત્યારે પહેલા અક્ષરના (આ) નો (અ) થાય છે.

દા.ત. આણાવઈ > અણાવે આવાસ > અવાસ
આષાઢ > અષાઢ

(૪) અનન્ય (ઈ) અને (ઉ) નો (અ) થાય છે

દા.ત. लिखइ > લખે छुरु > છરો

(૫) સ્વીકૃત શબ્દોમાં (અ) ના આગમ વડે સંયુકત વ્યંજનો વિશ્લિષ્ટ બને છે.

દા.ત. धर्म > ધરમ सूत्र > સૂતર
તર્ફ > તરફ

(૬) મધ્યવર્તી (લ) નો (ળ) થાય છે.

દા.ત. मिलइ > મળે.

ખરેખર તો આ પ્રક્રિયા પ્રાકૃત – અપભ્રંશથી શરૂ થઈ ચૂકેલી હોવાનું હવે મનાય છે.

(૭) (ઈ) (ઉ) માં હ્રસ્વત્વ – દીર્ઘત્વભેદનો લોપ આ સમયનો વિકાસ છે.

**✦ રૂપ વિકાસ :**

(૧) કર્મણિનું (આ) પ્રત્યયવાળું નવું રૂપ પ્રચારમાં આવે છે.

દા.ત. करीई > કરાય.

(૨) વર્તમાનકાળના પહેલો પુરુષ બહુવચનનું (ઈએ) વાળું રૂપ ('કરીએ' : જૂનું રૂપ करहु) જેવા નવાં આખ્યાતિક રૂપો સિધ્ધ થાય છે.

(૩) इसिउ, રહઉં જેવા કેટલાક પ્રયોગો રાજસ્થાનીમાં સીમિત રહે છે. ગુજરાતીમાં इसिउ > એહવઉં रहइं > નઈ અનુગ પ્રચલિત થાય છે.

**✦ બીજા તબ્બકાનાં શબ્દભંડોળ :**

(૧) પુરાણો અને પ્રસ્થાપિત થયેલા ગાઢ સંપર્કને કારણે સંસ્કૃત તત્સમ શબ્દો અને સમાસરચનાઓ પ્રચુર માત્રામાં નજરે પડે છે.

દા.ત. 'રામાયણ', 'મહાભારત', 'શ્રીમદ્ ભાગવત' વગેરે ગ્રંથોમાંથી શબ્દો બોલાય છે.

(૨) મુસ્લિમો સાથેના ગાઢ સંપર્કને કારણે અનેક ફારસી–અરબી શબ્દો પણ ભાષામાં ઉમેરાય છે.

દા.ત. મહેલ, મુબારક, ગુલાબજાંબુ, રૂમાલ, જલેબી, તોપ, હમામ, ગુલામ, બેગમ, બાદશાહ, કુર્તો, લેંઘો.

**✦ ગુજરાતી ભાષાનો ઉદ્‌ભવ અને વિકાસની ત્રીજી ભૂમિકા :**

**➜ ઈ.સ. ૧૬૫૦ થી વર્તમાન સમય સુધી :**

ઈ.સ. ૧૬૫૦ પછીનાં સમયમાં સમગ્ર ભારતમાં ઈતિહાસ બદલાય છે. દિલ્હી સલ્તનત મોંગલ સામ્રાજય, ભારતમાં અંગ્રેજોનું આગમન, શાળાકોલેજની સ્થાપના, મુદ્રણકલાનો વિકાસ, વાહનવ્યવહાર, તારટપાલ અને રેડિયોની સુવિધા વગેરેને કારણે ગુજરાતી ભાષાનાં રૂપો બદલાવા લાગે છે.

આ ભૂમિકામાં ભારતમાં અંગ્રેજી, અરબીફારસી, સંસ્કૃત વગેરે ભાષાઓને અભ્યાસ થાય છે. ભારતની પ્રાદેશિક ભાષાઓમાં બંગાળી, મરાઠી, પંજાબી, કન્નડ, મલિયાલમ, તેલુગું વગેરે ભાષાઓનો પણ અભ્યાસ થાય છે. આ સમયમાં ગુજરાતમાં મધ્યકાલીન સાહિત્યનું સંપાદન થાય છે અને ગુજરાતી સાહિત્યમાં નરસિંહ, મીરા, અખો, દયારામ, નર્મદ, દલપતરામ, ગોવર્ધનરામ વગેરેથી લયને વર્તમાન સમય સુધી કવિતા, નવલકથા, વાર્તા વગેરે લખાય છે. આ બધા કારણોથી ત્રીજી ભૂમિકામાં ગુજરાતી ભાષા મજબૂત થાય છે.

**✦ ત્રીજા તબક્કામાં ધ્વનિ વિકાસ :**

(૧) આ ભૂમિકાનું મહત્વનું લક્ષણ મધ્યવર્તી (અ)નો લોપ છે.

દા.ત. રમત > રમત્
બોલતો > બોલ્તો
અમદાવાદ > અમ્દાવાદ્
અંગરખું > અંગરખું

(૨) (હ), (હિ) કે (હુ) નો (ૅ) કે (ૉ) થાય છે.

દા.ત. રહંટ > રૅંટ

(૩) તાલવ્ય (ઈ) (ય) પૂર્વે (સ) નો (શ) થાય છે.

દા.ત. કરિસ્યઈ > કરશે કસિઉ / કસ્યું

સિંઉ / સ્યું.

✦ **ત્રીજા તબ્બકામાં રૂપ વિકાસ :**

(૧) બહુવચનનો (ઓ) પ્રત્યય પ્રચારમાં આવે છે.

દા.ત. માણસ > માણસો સ્ત્રી > સ્ત્રીઓ

(૨) 'વિધ્યર્થ + માં + આવ્' વાળી કર્મણિની રચના થવા લાગે છે.

દા.ત. લખવામાં આવ્યું.

✦ **ત્રીજા તબ્બકામાં શબ્દભંડોળ :**

(૧) ઓગણીસમી સદીથી અંગ્રેજી શબ્દો વપરાતા થયા અને એનું ભરણું વધતું ચાલે છે, તે ઉપરાંત અંગ્રેજીના સીધા અનુવાદરૂપ 'પગલાં લેવાં' જેવા ઘણા રૂઢિપ્રયોગો પણ ગુજરાતી ભાષામાં દાખલ થાય છે.

✦ **ઉપસંહાર :**

અહીં ઉપરનાં મુદ્દાઓને ધ્યાનમાં રાખીને ગુજરાતી ભાષાનાં ઉદ્દ્ભવ અને વિકાસનાં ત્રણેય ભૂમિકાઓને ધ્વનિવિકાસ, રૂપવિકાસ અને શબ્દભંડોળ વિકાસની રીતે જોઈ શકાય છે. ઈ.સ. ૧૬૫૦ પછીનાં સમયમાં સમગ્ર ભારતમાં ઈતિહાસ બદલાય છે. દિલ્હી સલ્તનત મોંગલ સામ્રાજય, ભારતમાં અંગ્રેજોનું આગમન, શાળાકોલેજની સ્થાપના, મુદ્રણકલાનો વિકાસ, વાહનવ્યવહાર, તારટપાલ અને રેડિયોની સુવિધા વગેરેને કારણે ગુજરાતી ભાષાનાં રૂપો બદલાવા લાગે છે.